# સહજ-સત્સંગ

અંક : ૨૮૫ વર્ષ : ૨૪ તંત્રી : માનસિંહભાઈ ચાવડા સપ્ટેમ્બર - ૨૦૧૨






## રામેશ્વરમ્

(સેતુબંધ - તામિલનાડુ) (ધનુષકોડી)



# મા મીરાંબિકા

It is only when we are not disturbed that we can always
do the right thing at right time and in the right way.

- The Mother

## યોગ્ય કર્મ

ભાવાનુવાદ

જ્યારે તું શાંત, અવિચળ રહે, યોગ્ય કર્મનો છે એ ક્ષણ,
યોગ્ય - સમયે ને યોગ્ય રીતે, એ જાણી લે, હે તું મન.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૮ ઑગસ્ટ ૧૯૧૪)



**હું શંકા અને અજ્ઞાનની એક અગાધ ખીણમાં ખૂબ ઊંડે ઊંડે ઊતરી પડી છું. જાણે કે તારા શાશ્વત પ્રકાશમાંથી દેશનિકાલ થઈ ગઈ છું. પણ હું જાણું છું કે એ અવતરણમાં એક વધુ ઊંચા આરોહણની શક્યતા રહેલી છે.**

**..... તારો પ્રકાશ જેમ ઝળહળતાં અજવાળાંમાં રહેલો છે તેમ તે આ ખીણનાં પેટાળમાં પણ સ્થિરરૂપે આવી રહેલો છે..... ચેતનામાં હવે એક શાંત વિશ્વાસ, એક સ્વસ્થ તટસ્થતા, એક સ્થિર નિશ્ચિતતા સ્થાયીભાવે વસી રહ્યાં છે..... હું જાણે કે એક..... હોડી જેવી છું..... પરમ અજ્ઞાતની અંદર અજાણ્યા કિનારાઓ પ્રતિ, નૂતન પ્રદેશો પ્રતિ સફર આદરી દીધી છે.**

**ભાવિ માટે મારામાં હવે કોઈપણ વિચાર નથી. હવે તો તું જ મને..... એક નવીન અને વધારે સાચી કલ્પના આપશે.**

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુના માર્ગદર્શનમાં શ્રદ્ધા) | ૩ |
| **શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય** (શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન) | ૪ |
| **માતૃવાણી** (પરમાત્માનો સાચો સેવક) | ૮ |
| **સાવિત્રી** (દિવ્ય-ક્ષમતાઓનું પ્રાગટ્ય) | ૧૨ |
| **યોગ વિષે પત્રો** (યોગમાં બુદ્ધિનું સ્થાન) | ૧૭ |
| **વેદવિજ્ઞાન** (પવમાન વાજિન્ અને ઈશ્વર) | ૨૦ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (રૂપાંતર અને વિશુદ્ધિ) | ૨૨ |
| **યોગ પર દીપ્તિઓ** (અવચેતનાની ગતિવિધિઓ) | ૨૪ |
| **વેદ-રહસ્ય** (અગ્નિનું સ્વરૂપ) | ૨૬ |
| **સાંજના વાર્તાલાપો** (વળગાડનું સ્વરૂપ અને કારણો) | ૨૯ |
| **ઉપનિષદોનું અમૃત** (વૈદિક શિક્ષણ પદ્ધતિ) | ૩૧ |
| **આત્મસિદ્ધિ** (સાધના પથ) | ૩૪ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (સત્ય ચેતનામાં માનવી-સમજણો ખરી પડે છે) | ૩૭ |
| **સુંદર કથાઓ** (માતૃ-પ્રેમ) | ૩૯ |
| **સર્વાંગી આરોગ્ય** (દિવ્યશક્તિ દ્વારા રોગનિવારણ) | ૪૦ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (ભયને કેમ જીતવો ?) | ૪૪ |
| **- શિસ્ત** | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૮૫ વર્ષ : ૨૪
સપ્ટેમ્બર - ૨૦૧૨

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો.૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પ્રભુના માર્ગદર્શનમાં શ્રદ્ધા

(પૃ.૧૬૮)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજીને પોતે શંકાકુશંકા અને મૂંઝવણથી જાણે કોઇ અંધારી ખીણમાં ગરકાવ થઇ ગયાં હોય એવું અનુભવી રહ્યાં છે. માતાજી જે અહર્નિશ પ્રભુનો આંતરિક પ્રકાશ અનુભવતા તે અદૃશ્ય થઇ ગયો છે. જડતાનું એક પડળ જાણે બંધાઇ ગયું છે પણ માતાજી જાણે છે આ જે તેમને પોતાની ચેતનાનું અધઃપતન લાગે છે તે કોઇ ભાવિના ઊંચા આરોહણ પહેલાનો ગાઢ અંધકાર લાગે છે. ફરી પોતે વધારે ચેતનાની ઊંચાઇ ધારણ કરશે તેની તેમને ખાતરી છે.

માતાજી બીજી એક સાધનાકીય વાત જાણે છે. પ્રભુની ચેતના અને પ્રકાશ ફક્ત ઊર્ધ્વ ચેતનાનાં અજવાળામાં જ નથી, તે તો નિમ્નતમ ચેતનાના ક્ષેત્રમાં પણ છે જ. ફક્ત તેમને ઓળખવાની જરૂર હોય છે. તેથી માતાજી પોતાની આ વિષાદમય અવસ્થામાં પણ આશ્વસ્થ છે; સ્થિર સમતા ધારણ કરેલ છે. પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાથી નિશ્ચિંતતા છે, તેથી માતાજી પોતાની સાધના અવિરત કર્યે જ જાય છે.

માતાજી જણાવે છે કે તે પોતે કોઇ અજાણ્યા મુલકમાંથી અજાણ્યા સ્થળે જવા નીકળી પડેલી હોડી જેવા છે ! તેમને જ્યાં જવું છે તે નૂતન સૃષ્ટિનાં જગતો છે.

માતાજી જણાવે છે કે હવે તેમની અવસ્થા એવી થઈ ગઈ છે કે પોતાની સાધના બાબત તેમને કોઇ ચિંતા રહી નથી. ભાવિ શું છે તેની પણ તેમને ચિંતા નથી. તે બાબતમાં તેમને વિચાર પણ આવતો નથી. માતાજીને એક નિતાંત શ્રદ્ધા છે. પ્રભુને લાગશે કે માતાજીએ જાણી લેવું જોઇએ તો તેમને જરૂર જણાવવામાં આવશે અને તેની સાચી સમજણ પણ આપવામાં આવશે. તે બાબતમાં માતાજીએ પોતે હવે પોતાનાં કોઇ બૌદ્ધિક ખ્યાલો બાંધવાની જરૂર નથી.

માતાજી એક નવા જ જન્મેલા બાળકની જેમ નિશ્ચિંત છે.

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

શ્રી માતાજી પૃથ્વી ઉપર આવ્યાં અને પૃથ્વીનાં અંધકારમય ભવિષ્યને તેજોમય બનાવી દીધું. દુઃખથી પીડાતી, મૃત્યુથી ફફડતી માનવજાતિને અમરતાનો માર્ગ કંડારી આપ્યો. અજ્ઞાન, અંધકાર, ભેદ અને તમસથી આવૃત્ત, યુગોથી નિમ્ન ચેતનામાં ડૂબેલી માનવ-પ્રકૃતિને દિવ્યતાનું વરદાન મળ્યું. ઉત્ક્રાંતિનાં ત્રણ પરિમાણો જડતત્ત્વ, પ્રાણતત્ત્વ અને માનસતત્ત્વમાં ચતુર્થ પરિમાણ અતિમનસ તત્ત્વનું પ્રાકટ્ય થતાં સમગ્ર માનવજાતિને માટે પ્રેમ, પ્રકાશ, આનંદ, જ્ઞાન અને સંવાદિતાસભર નવી સૃષ્ટિની ભૂમિકા ઊર્ધ્વમાં રચાઇ. નવું દિવ્ય, ભવ્ય અને સંવાદિતાસભર સજ્જતા ને આંતિરક તૈયારી થતાં એ સ્થૂલ ભૂમિકા ઉપર પણ પ્રકટ થવાની શક્યતા બની આવી.

શ્રી માતાજીએ સમગ્ર માનવજાતિને પોતાની ચેતનામાં ધારણ કરીને પૃથ્વી ઉપર પ્રભુનું સામ્રાજ્ય સ્થાપવા જે ભગીરથ સાધના કરી, એ અજોડ છે. એમણે માનવજાતિને માટે શું કર્યું છે, એ આપણે આપણા નાનકડા મનથી મૂલવી શકીએ નહીં. આપણે માત્ર આપણી ભૌતિક આંખોથી જે કંઇ દેખાય એટલું જ જાણી શકીએ છીએ અને એ પણ સીમિત અને સપાટી પરનું. એ તો શ્રી માતાજી કૃપા કરી આપણને એ દૃષ્ટિ આપે, એ આંતરસમજ આપે, એમના પ્રત્યે આપણી ચેતનાનું ઉદ્‌ઘાટન થાય તો જ આપણે એમના પ્રદાનને સમજી શકીએ; એમના વિરાટ કાર્યની કંઇક ઝાંખી મેળવી શકીએ. શ્રી માતાજીને આપણે પ્રાર્થના કરીએ કે આપણને એવી શક્તિ અને સમજ આપે. શ્રી માતાજી વિષે આપણે કંઇ પણ બોલીએ કે વિચારીએ, એથી એમની એ વિરાટ ચેતનામાં કંઇ જ ફરક પડતો નથી. એ મહાશક્તિ તો એની એ જ રહે છે. અને પોતાની રીતે પોતાના વ્યક્તિસ્વરૂપ દ્વારા અવિરત કાર્ય કરતી જ રહે છે. પણ એમના વિષે વાત કરતાં એટલું તો જરૂર થાય છે કે આપણી ચેતનાનું એમની ચેતના સાથે અનુસંધાન થઇ જાય છે. તેના પરિણામે આપણને પહેલાં જે નહોતું સમજાતું એ સમજાવા લાગે છે, નહોતું

દેખાતું તે દેખાવા લાગે છે. આપણી સામાન્ય ચેતના ઊર્ધ્વચેતનામાં આરોહિત થવા લાગે છે, અને એ જ તો છે એમની ચેતના સાથેના અનુસંધાનનું પરિણામ, એમની સૂક્ષ્મ હાજરીનો પ્રભાવ.

શ્રી માતાજી ભલે પૅરિસમાં જન્મ્યાં, ત્યાંના ભૌતિક વાતાવરણમાં ઊછર્યાં. પણ નાનપણમાં થયેલાં આધ્યાત્મિક-દર્શનો દ્વારા પ્રતીતિ થઇ ગઇ હતી કે પૃથ્વી ઉપર તેમણે મહાન કાર્ય કરવાનું છે. શૈશવ અને કિશોરાવસ્થામાં આ મહાન કાર્યની ઝાંખી પણ એમને થવા લાગી હતી. તેમણે પોતે જ એક વાર્તાલાપમાં શ્રી અરવિન્દ આશ્રમનાં બાળકોને કહ્યું હતું કે, ''હું પાંચ વર્ષની હતી ત્યારે હું સભાન હતી કે હું આ જગતની નથી.'' આ કિશોરાવસ્થામાં પોતાના આંતરિક વિકાસની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ''અગિયાર અને તેર વર્ષના ગાળામાં ચૈત્ય ભૂમિકાની અને આધ્યાત્મિક અનુભૂતિઓની પરંપરા જાગ્રત થઇ. આથી ભગવાનના અસ્તિત્વનું જ નહીં પણ મનુષ્ય ભગવાનને મળી શકે છે, અને પોતાની ચેતના અને કર્મમાં પ્રભુને વ્યક્ત કરી શકે છે એ વાતનું મને પ્રત્યક્ષ જ્ઞાન થયું.'' તેથી ભગવાનને મળવાની અને તેમને રોજિંદા જીવનમાં અભિવ્યક્ત કરવાની એમની ઝંખના ઉત્તરોત્તર પ્રબળ બનતી ગઇ. આધ્યાત્મિક વિકાસની સાથે સાથે અભ્યાસ, ચિત્રકલા, સંગીત, નૃત્ય, અભિનય વગેરે કલાઓનું શિક્ષણ પણ તેમણે પ્રાપ્ત કર્યું. સૂક્ષ્મ જગતનાં રહસ્યોનો તાગ મેળવવા અને તેના પર પ્રભુત્વ મેળવવા તે સમયના પ્રખર ગુહ્યવિદ્યામાં પણ નિપુણ બન્યાં. પરંતુ તેમનું અંતર જે ઝંખતું હતું, તે આ બધાંમાંથી પ્રાપ્ત ન થયું. એમનું અંતર ઝંખતું હતું કે પ્રભુના સામ્રાજ્યની પૃથ્વી ઉપર સ્થાપના થાય. પૃથ્વી ઉપર પ્રભુની સાચી શાંતિ સ્થપાય. સહુ મનુષ્યો આત્માના બળે એક બની રહે. એમની આવી ઝંખનાને જોઇને ગુહ્યવિદ્ થેંઓનાં ગુહ્યવિદ્ પત્ની આલ્માએ એમને કહ્યું હતું કે ''તું જે ઝંખે છે એ તારી સાધનાનું અંતિમ લક્ષ્ય તો મહાન ગુરુ તને મળશે ત્યારે જ સિદ્ધ થશે.'' અને એમના અંતરની ઉત્કટ અભીપ્સા એમને ભારતમાં શ્રી અરવિન્દ પાસે લઇ આવી. માનવ-ચેતનાના દિવ્ય રૂપાંતરની શ્રી અરવિન્દની સાધનામાં તેઓ જોડાઇ ગયાં, કેમ કે એ તો એમની પણ સાધના હતી. આ વિષે એમણે કહ્યું હતું કે ''હું શ્રી અરવિન્દને મળવા માટે હિંદમાં આવી. શ્રી અરવિન્દ સાથે રહેવા માટે હિંદમાં રહી ગઇ. એમણે દેહ છોડ્યો ત્યારે એમનું કાર્ય કરવા માટે મેં અહીં રહેવાનું ચાલુ રાખ્યું અને એ કાર્ય છે, સત્યની સેવા કરીને માનવજાતિને પ્રકાશ

આપીને પૃથ્વી ઉપર પ્રભુના પ્રેમનું સામ્રાજ્ય ઝડપથી સ્થપાય તેમ કરવું.'' માનવજાતિને પ્રકાશ આપવાનું, તેનું દિવ્ય રૂપાંતર કરવાનું. પૃથ્વી ઉપર પ્રભુના સામ્રાજ્યની સ્થાપના કરવાનું શ્રી અરવિન્દનું અને શ્રી માતાજીનું કાર્ય એક જ હતું. આથી શ્રી માતાજીના આગમનથી દિવ્ય-રૂપાંતરના કાર્યને વેગ મળ્યો, એટલું જ નહીં પણ શ્રી અરવિન્દની અને તેમની જગત-પરિવર્તન માટેની મહાન સાધનાની જગતને ખબર પડી. શ્રી માતાજીનું મોટામાં મોટું એક પ્રદાન તો તેમણે વિશ્વને શ્રી અરવિન્દની સાચી ઓળખ આપી એ છે.

**શ્રી માતાજીનું પ્રદાન-વિશ્વને કરાવેલો શ્રી અરવિન્દનો પરિચય :**

અત્યાર સુધી કોઇનેય ખબર ન હતી કે શ્રી અરવિન્દ કેટલા મહાન છે અને તેઓ યુગ પરિવર્તનની કેવી સાધના કરી રહ્યા છે. અલબત્ત, શ્રી અરવિન્દ લોકોથી અપરિચિત તો નહોતા જ. ભારતના અને ઈંગ્લૅન્ડ, અમેરિકાના લોકો તેમને પ્રખર દેશભક્ત અને સ્વાતંત્ર્ય સંગ્રામના ઉગ્રવાદી નેતા તરીકે ઓળખતા હતા. એમાં ય અલીપુર જેલના એક વર્ષ દરમિયાન તેમની પ્રસિદ્ધિ ચોતરફ પ્રસરી ચૂકી હતી. પણ તેમાં દેશભક્તિ મુખ્ય હતી. સાધના તો પશ્ચાદ્‌ભૂમાં રહેલી હતી. કેટલાય લોકો તો તેમને બ્રિટિશ સરકારની ધરપકડના ભયથી પોંડિચેરી જઇને વસેલા રાજદ્વારી નેતા તરીકે ઓળખતા હતા. અરે, પોંડિચેરીમાં તેમની સાથે રહેલા તેમના નિકટના શિષ્યોના તેઓ ગુરુ હતા, મિત્ર હતા, પ્રેમાળ માર્ગદર્શક હતા, પણ તેઓ શેની સાધના કરી રહ્યા છે, તે તેઓ પણ જાણતા ન હતા. તેઓ પણ શ્રી અરવિન્દને ઓળખી શક્યા નહોતા.

૧૯૧૪ની ૨૯મી માર્ચે બપોરે ૩.૩૦ વાગ્યે શ્રી માતાજી શ્રી અરવિન્દને મળ્યાં અને પ્રથમ દૃષ્ટિમાં જ તેઓ શ્રી અરવિન્દને ઓળખી ગયાં. તેમણે શ્રી અરવિન્દમાં સાક્ષાત્ પરમાત્માને નિહાળ્યા. તેમને ખાતરી થઇ ગઇ કે તેઓએ ધ્યાનમાં આવીને માર્ગદર્શન આપી જતા ગુરુ કે જેમને વર્ષો પહેલાં શ્રીકૃષ્ણ નામ આપ્યું હતું, એ જ હવે સાક્ષાત્ સન્મુખ છે. બીજે દિવસે પોતાની ડાયરીમાં તેમણે લખ્યું, ''જગતમાં ભલે હજારો લોકો અજ્ઞાન અને અંધકારમાં ડૂબેલા હોય, પણ હવે અમને એની ચિંતા નથી. ગઇકાલે અમને જેનું દર્શન થયું છે, એમની હાજરી પોતે જ એ વસ્તુ સિદ્ધ કરવાને પૂરતી છે કે જ્યારે ગહનમાં અંધકાર પણ પ્રકાશમાં પલટાઇ જશે ત્યારે પૃથ્વી ઉપર તારું શાસન અવશ્ય સ્થપાસે.''

શ્રી માતાજીએ પ્રથમ દૃષ્ટિમાં જ શ્રી અરવિન્દમાં ગહનમાં ગહન અંધકારને ઓગાળીને પ્રકાશમાં પલટાવી નાંખે એવી પરમાત્માની દિવ્ય ચેતનાને સદેહે નિહાળી અને તેમને ખાતરી થઇ ગઇ કે ભલે અત્યારે પૃથ્વી ઉપર અજ્ઞાન, અંધકાર અને જડતા વ્યાપેલાં હોય, પણ હવે તેની ચિંતા નથી કેમ કે પરમાત્મા પોતે જ પોતાનું શાસન સ્થાપવા માટે અઘોર તપશ્ચર્યા કરી રહ્યાં છે ! પૃથ્વીને સ્વર્ગ બનાવનારી રૂપાંતરકારી શક્તિ હવે સક્રિય બની ગઇ છે ! આ નક્કર અનુભૂતિ થતાં શ્રી માતાજીએ શ્રી અરવિન્દનાં ચરણોમાં સંપૂર્ણ સમર્પણ કરી દીધું. અત્યાર સુધી પોતે જે કંઈ સાધનાઓ કરી હતી, સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી તથા જગતની પોતાની યોજનાઓ હતી એ સર્વ કંઇ શ્રી અરવિન્દના ચરણોમાં મૂકી દીધું અને તે પણ એક પણ શબ્દના આદાન પ્રદાન વગર. પોતે નવજાત શિશુ સમાં બની રહ્યાં. આ સંપૂર્ણ સમર્પણ કેવું હોય ! એ વિષે માતાજીએ આપણને શીખવ્યું છે. આ વિષે શ્રી અરવિન્દે પણ કહ્યું હતું કે ''આ પહેલો પ્રસંગ હતો, જ્યારે મેં જાણ્યું કે છેક અંતિમ શરીર-કોષ સુધીનું સંપૂર્ણ સમર્પણ મનુષ્યદેહે શક્ય છે. શ્રી માતાજી અહીં આવ્યાં અને મને પ્રણામ કર્યા ત્યારે મેં એ પૂર્ણ સમર્પણને કાર્યરૂપમાં પ્રગટ થતું જોયું.''

આ સંપૂર્ણ સમર્પણની વાત શ્રી માતાજીએ 'પ્રાર્થના અને ધ્યાન'ની ડાયરીમાં રાધાની પ્રાર્થનારૂપે આલેખી છે -

''તારું પ્રથમ દર્શન મળતાં જ મને જણાયું કે તું જ મારા જીવનનો સ્વામી છે. તું જ મારો દેવ છે. મારા સમર્પણનો સ્વીકાર કર. મારા સર્વ વિચારો, મારી સર્વ લાગણીઓ, મારા હૃદયની સર્વ ઊર્મિઓ, મારા જીવનની સર્વ ક્રિયાઓ, સર્વ સંવેદનો, મારા દેહનું પ્રત્યેક અણુ, મારા રક્તનું પ્રત્યેક બિંદુ, સર્વ કંઇ તારું જ છે. હું તારી છું, સર્વ ભાવે, સર્વ રીતે, સર્વથા. મારા માટે તારી જે કંઇ ઇચ્છા હશે તે હું બનીશ. તું મારા માટે જે કાંઇ નિર્માણ કરશે, જીવન કે મૃત્યુ, સુખ કે દુઃખ, હર્ષ કે શોક, તારા તરફથી મને જે કંઇ મળશે; તે સર્વનું હું આનંદપૂર્વક સ્વાગત કરીશ. તેં આપેલી પ્રત્યેક વસ્તુ સદા એક દિવ્ય ઉપહાર જેવી બનશે, અને તેમાં મને પરમ સુખ મળશે.''

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

## પરમાત્માનો સાચો - સેવક

(માતૃવાણી ભા.-૨, પૃ.૩૪૫-૩૪૭) (ચર્ચાના મુદ્દા સંક્ષેપમાં)

પ્રકરણ - ૧૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માનવજાતિના તમામ પ્રયત્નો એક જ હેતુ માટે થતા હોય છે - પછી ભલે તેના નજીકના વ્યવહારુ હેતુઓ અલગ-અલગ લાગતા હોય.

તે એક જ હેતુ માટે વ્યક્તિ અને સમાજ ભિન્ન માર્ગ સ્વીકારે છે. કેટલાક માર્ગ આડા ફંટાઈને પછી લક્ષ્ય તરફ વધે છે, તો આ લક્ષ્ય શું છે?

તે હેતુ માનવજીવન સાથે સંકળાએલો છે. તે લક્ષ્યને દરેક જુદાજુદા નામે ઓળખે છે. ચીનાઓ તેને 'તાઓ', હિન્દુઓ 'બ્રહ્મન્', બૌદ્ધો 'ધમ્મ', હર્નીસ શુભતત્ત્વ, ખ્રિસ્તીઓ 'પ્રભુ' કહે છે, યહુદીઓ 'અહુરમજદ્' કહે છે.

માનવજીવનનો હેતુ છે આ વિષે સભાન બની તેનો જીવનદ્વારા આવિર્ભાવ કરવો. સાધુસંતો આને પ્રાપ્ત કરવાની વિવિધ પદ્ધતિઓ દર્શાવે છે.

પહેલી પદ્ધતિ બૌદ્ધિક છે. તેમાં તે માટે તે વિવેક, અભ્યાસ, ચિંતન, એકાગ્રતા, આત્મસંયમ, આત્મવિશ્લેષણ દ્વારા અહંકારના ભ્રમનો, સંકુચિત વ્યક્તિત્વનો ભ્રમ ભાંગે છે અને અનુભવે છે કે આકાશતત્ત્વ જ ઘનીભૂત બનીને સૂક્ષ્મ અણુઓ થાય છે અને તેમના સમુચ્ચયમાંથી ભૌતિકતત્ત્વ રચાયું છે. તે પોતાના સ્વરૂપનાં વિશ્લેષણમાં અનુભવે છે કે ઘણાંબધાં તત્ત્વો તો જન્મે અને નાશ પામે છે. (વિચારો, ભાવનાઓ, શારીરિક અણુઓ) અંતે, તેની સંશોધક-બુદ્ધિ એવા નિરાકાર પ્રદેશમાં પહોંચે છે જેનું વર્ણન શબ્દોથી થઈ શકતું નથી. તેને તદ્રૂપ થવાથી જ અનુભવી શકાય છે. તેનું વર્ણન શક્ય નથી. એ જ આપણું આત્મતત્ત્વ, આપણા અસ્તિત્વનું કેન્દ્ર છે.

બીજી પદ્ધતિ ધાર્મિક લોકોની છે. એક દિવ્યસત્તા છે, દિવ્યચેતના છે. તેને બધાં જ કર્મો, વિચારો, ભાવો દ્વારા પૂર્ણ સમર્પણ કરતા રહેવું. પોતાને નમ્ર કરણ, સેવક તરીકે અનુભવવું. તે પ્રેમ જે દિવ્ય નથી તેની તરફ પોતાની મેળે મુખ ફેરવી લે છે. તે વ્યક્તિ પ્રેમથી પણ ઉપર ઊઠે છે. પ્રેમ તો પ્રેમી અને પ્રિયપાત્ર વચ્ચેને જોડનાર ત્રીજું તત્ત્વ છે. પણ આ લોકોના પ્રેમમાં તેઓ પ્રેમીસ્વરૂપ પ્રભુરૂપ જ બની જાય છે. તેઓ અદ્વૈત-પ્રેમ પ્રાપ્ત કરે છે. તેઓ પ્રભુમાં 'તન્-મય' બની જાય છે.

ત્રીજો માર્ગ છે માનવજાતિના પ્રેમને લીધે માનવજાતિને દુઃખ, યાતનામાંથી કાયમી મુક્તિનો ઉપાય શોધવો. તે માટે પોતાના વિચારો, ભાવનાઓ, શક્તિઓ, કર્મો, પ્રવૃત્તિઓ બીજાને મદદરૂપ થવા માટે જ વાપરવાં. તે હૃદયને કરુણાથી ભરી દે છે. તેને કારણે લોકોનું અજ્ઞાન હઠાવી ત્યાં જ્ઞાન સ્થાપિત કરે છે. આ જ્ઞાનધન ચાર પ્રકારનું હોય છે : (૧) સ્થૂળ-વસ્તુઓનું દાન (૨) બૌદ્ધિક-દાન (૩) આધ્યાત્મિક-બ્રહ્મવિદ્યાનું દાન (૪) તે દિવ્યજ્ઞાનને જીવનમાં સૌંદર્ય, સંવાદિતા, પ્રસન્નતા તરીકે પ્રગટ કરવાનું દિવ્યજીવનનું દાન; જેને સર્વાંગપૂર્ણ દાન પણ કહેવાય છે.

આ અંતિમ વસ્તુ એ જ લોકો કરી શકે છે, જેમણે પ્રથમ ત્રિમાર્ગ અનુસરી આત્મવિકાસ દ્વારા શાશ્વત-ચેતનાને પ્રાપ્ત કરી લીધી છે, સાક્ષાત્કારની બધી પદ્ધતિઓનો સમન્વય સાધી લીધો છે. તે સ્વયં દાખલો બનીને આ જ્ઞાન આપે છે, કારણ તે તે જ ચેતનામાં સતત જીવતો હોય છે. દિવ્યજીવન જીવતો હોય છે.

આ અવસ્થા જાણે ચાર તબક્કે વિકસે છે :

(૧) સામાન્ય માનવ તો વર્તમાન-સંવેદનોને જ અનુભવે છે. તેનાં અન્ય સંવેદનો બહુ ટકતાં નથી. ક્ષણિક નિર્માણ થઈ ચાલ્યા જાય છે. પછી ધીમેધીમે તેઓ પોતાના જીવનમાંની બધી જ પ્રકારની સંવેદનાઓ બાબત સભાન બને છે. તેમને હવે સમજાવવાનો સમય પાકી ગયો છે કે તેનું હાલનું જીવન એ કાંઈ એકલું અટૂલું નથી. તે પૃથ્વી ઉપર અનંત વખતે જન્મ્યો છે અને ભવિષ્યમાં જન્મવાનો છે. તેનો વિકાસ પૃથ્વી ઉપરની ઉત્ક્રાંતિ સાથે સંકળાએલો છે તેથી એવી રીતે જીવવું જોઈએ જેથી તેની ચેતનાના વિકાસ મુજબ પૃથ્વી-ચેતનાનો પણ વિકાસ થાય અને તેની

પ્રગતિ ઝડપી થાય.

(૨) જેઓ પોતાના પૃથ્વી સાથેની એકરૂપતાના સમગ્ર જીવન બાબત સભાન બન્યા હોય તેમને સમજાવવું જોઈએ કે તે પોતે તો બ્રહ્માંડવ્યાપી-ચેતનાનો અંશ છે તેવી શાશ્વત - ચેતનાને તેણે પોતાની અંદર જ શોધી કાઢવાની છે અને તે દ્વારા સમગ્ર-બ્રહ્માંડ સાથે એકરૂપતા સાધવાની છે.

(૩) જેઓ વિશ્વજીવન બાબત સભાન બન્યાં છે તેમને એ સમજાવવું જોઈએ કે વિશ્વની બહાર પણ અનંત સુધી તે વૈશ્વિકચેતના ફેલાએલી છે અને તેથી ખરેખર તે વિશ્વ કરતાં પણ મહાન છે. તે વિશ્વાતીત-ચેતના છે. તેની ઉપર કાંઈ જ નથી. આ વિશ્વાતીત-ચેતનાને જ પરમ-ચેતના કહે છે. તે પ્રકાશમય, અવિનાશી, અમર-જ્યોત છે. તેને પ્રાપ્ત કરવી એ જ માનવજીવનનો હેતુ છે.

આ હેતુ અનુસાર વ્યક્તિનો જે જીવનવિકાસ થાય છે તેની બે સમાંતર ધારાઓમાં વિકાસ થતો હોય છે. પણ સાથે સાથે બન્ને પર સમાન એકાગ્રતા રાખવી પડે છે, નહિ તો વિકાસ લથડિયાં ખાવા માંડશે.

તેમાંની એક ધારા વડે તમે તમારા સ્વરૂપનાં બધાં જ જુદાં જુદાં ઘટકો બાબત, તેમના કાર્ય બાબત, તેમના પરસ્પર સંબંધ બાબત સભાન બનો છો. તે સભાનતામાં તટસ્થતા રાખો છો, તેમાં નૈતિક, સામાજિક ધોરણોનુસાર શુભ - અશુભ, ઉચ્ચ-નીચનો ભેદ પાડતા નથી. તમારું પોતાના સ્વરૂપ વિષેનું દર્શન સમગ્ર અને સચ્ચાઈભર્યું હશે. તમારું વલણ બૌદ્ધિક અને વૈજ્ઞાનિકનું હશે.આ કાર્ય માટે તમે બાહ્યનિરીક્ષણ, આંતરનિરીક્ષણ અને વિશ્લેષણ, સમન્વયનો ઉપયોગ કરો છો અને આ સંકુલ-એકમને સદા અભ્યાસના વિષય તરીકે રાખો છો.

પછી આ જ્ઞાનનો ઉપયોગ બીજી ધારામાં કરવાનો હોય છે. બીજી ધારામાં આપણે આ આપણા સ્વરૂપમાં જાણેલી બધી વસ્તુઓ પ્રભુને સમર્પિત કરી નાખીએ છીએ. તેમને અર્પણ કરતાં પહેલાં આપણા અંકુશમાં લઈએ છીએ અને સમર્પણને 'નિરંતર સમર્પણમાં' વિકસાવીએ છીએ. બધાં તત્ત્વો હવે બાળકની જેમ પેલી વિશ્વાતીત-ચેતનાને સહજ શ્રદ્ધાથી પોતાને સમર્પિત કરી દેવા તૈયાર થાય છે. તે ચેતના જ પોતાના ખાસ વિવેકબુદ્ધિથી તેમાંથી શું ટકાવી રાખવું, શું

વિકસાવવું, શું નષ્ટ કરવું, શેમાં ફેરફાર કરવો એ બધાનો નિર્ણય લે છે. કોનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવો એ પણ તે ચેતના જ નિર્ણય લે છે. તેમ કરીને તે તત્ત્વને તે પ્રકાશિત કરશે, રૂપાંતરિત કરશે. જે તત્ત્વો આ પરમ-ચેતના બાબત સભાન બને છે તેઓ સહજ રીતે પરમ-ચેતના સાથે એકરૂપ થઈ જશે, તે બધાં જ માનવીય- ધારાધોરણોથી ઉપર ઊઠે છે.

આમાં કોઈ ત્રીજી ધારા રચાય તો તેને સંમતિ આપવાની નથી. આપણે સમગ્ર સ્વરૂપને અર્પણ કરીએ તેમ છતાં આપણને જ્ઞાત ન હોએલાં તત્ત્વો તેમાં સમર્પિત ન થતા દખલગીરી કરવાની શરૂઆત કરે છે. તેઓ અનપેક્ષિત રીતે જીવન ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપવા ઉપર ઊભરાઈ આવે છે. તેઓ વિસંવાદી અને અવ્યવસ્થિત હોય છે.

આપણું સમર્પણ પૂરેપૂરું ને નાનામાં નાની વિગતો સાથેનું હશે તો જ આપણી પ્રગતિ વિઘ્નરહિત બનશે અને નિરર્થક નહિ લેખાય. સારાંશ, બેટા, ધારાઓનો સમતોલ વિકાસ હશે તો જ સાચી પ્રભુની સેવા થશે.

આપણામાંની રિદ્ધિ-શક્તિથી આપણે આપણા સ્વરૂપનાં ઘટકોનું જ્ઞાન મેળવીએ છીએ અને સિદ્ધિ-શક્તિથી તેમને પ્રભુને સમર્પિત કરીને આત્મસિદ્ધિ

---

(પૃષ્ઠ ૧૬ ઉપરથી)

## સાવિત્રી

પાણી તડકામાં કટાતી નથી કે કાળી પણ પડતી નથી, અક્ષુણ્ણ રહે છે, અવિકારી અને અડીખમ રહે છે; તેમ અશ્વપતિનું વર્તન હવે એવું અણનમ, દૃઢ અને અણીશુદ્ધ બની ગયું હતું. આ જરૂરી હતું. આવતીકાલની જરૂરિયાતને પહોંચી વળવા (to front the years) તે આવશ્યક હતું. તેણે ભરેલું આ પગલું માનવના આજની ક્ષમતાના પગલાંને અતિક્રમી જાય એવું હતું (out stripped the human stride). એનો આ સાધનાકાળ એ તેના અન્તર્મુખ જીવનનો કાળ બની ગયો હતો. તે પોતાની આંતરિક એકાંતતામાં જ જીવી રહ્યો હતો. પણ આ આંતરિક ચેતનામાં તેનો ચૈત્ય-સૂર્ય પૂર્ણ રીતે ઝળહળી રહ્યો હતો. તેની સાધના પ્રકાશમય-મન અને આંતરપ્રેરણાત્મક મન વચ્ચેના અવકાશમાં પાંખો વીંઝી રહી હતી. તેની ચેતનાનું ઊર્ધ્વ-ઉડાન વેગ પકડી રહ્યું હતું.

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## દિવ્ય-ક્ષમતાઓનું પ્રાગટ્ય

પ્રકરણ - ૧૧

(Savitri B-1, C-3, P - 43)

Time's secrets were to him an oft-read book;
The records of the future and the past
Outlined their excerpts on the etheric page.

અશ્વપતિને અનુભવાય છે કે ઉત્ક્રાંતિ હજી તો અધવચ્ચે જ છે. ભાવિ-ઉત્ક્રાંતિનાં રહસ્યો હજી ભવિષ્યકાળનાં ઉદરમાં સુપ્તાવસ્થામાં પડેલ છે, તેથી તે બાબત અંદાજ બાંધવો સામાન્ય લોકોને મુશ્કેલ જ થાય છે. કારણ અંદાજ બાંધવામાં ભૂતકાળનાં અનુભવોનો જ આધાર લેવો પડે છે અને ભૂતકાળનાં અનુભવોમાં ભવિષ્યકાળ બીજરૂપે સંતાએલો હોવા છતાં સામાન્ય બુદ્ધિને તે ઓળખવો મુશ્કેલ જણાય છે.

પણ અશ્વપતિની સ્થિતિ જુદી હતી. તેની પ્રજ્ઞા જાગૃત થઈ ચૂકી હતી અને પ્રજ્ઞામાં દરેક વસ્તુની પાછળ રહેલ સત્ય સાથે એકરૂપ થઈ તેને જાણી લેવાની જન્મજાત ક્ષમતા છે. તે સત્ય એટલે તે વસ્તુના ભૂત, વર્તમાન, ભાવિની બ્લુપ્રિન્ટ જ હોય છે, તેથી તેની દ્વારા બધું જ જાણી શકાય છે. પ્રજ્ઞાને કાળભેદ નડતો નથી. તે અતિમનસની ક્ષમતા છે, જે નીચે અધિમનસ, અનુભૂત્યાત્મક મન અને પ્રકાશમય મન અને ઊર્ધ્વમનનાં પ્રદેશમાં પોતાનું જ્ઞાન 'દૃષ્ટિ' અને 'શ્રુતિ'ની ઘટનાઓ દ્વારા સંક્રાંત કરી શકે છે. દૃષ્ટિ એટલે દર્શન, શ્રુતિ એટલે શ્રવણ.

અશ્વપતિ માટે આ બન્ને પ્રકારો હવે હાથવગા હતા, કારણ તે પ્રજ્ઞા-શક્તિની જ કાર્ય-પદ્ધતિ છે; તેથી મહાકાળની ભાવિ નોંધો દર્શાવતો ચોપડો અશ્વપતિ માટે હાથવગો સંદર્ભ-ગ્રંથ જેવો હતો. તેને તે ગ્રંથને વારંવાર સમજવાની, સંદર્ભ તરીકે

ઉપયોગમાં લેવાની ટેવ હતી જ.

આ ચિત્રગુપ્તનાં ચોપડામાં નોંધો લેવાની એક ખાસ પદ્ધતિ હતી. ચિત્રગુપ્ત એટલે ગુપ્ત-ચિત્ર. આકાશ તત્ત્વમાં આ નોંધો ચિત્ર-લિપિમાં જાણે નોંધાતી હતી ! આવી નોંધોને જ 'ઋતમ્' કહે છે. 'ઋતમ્'નું મૂળ અતિમનસ-જગતમાં છે, પણ તેના પ્રતિબિંબો અધિમનસથી માંડી આકાશ તત્ત્વ સુધીના વિસ્તારમાં જુદા જુદા સ્તરે જુદા જુદા સ્વરૂપે નોંધાતાં હોય છે. અહીં અશ્વપતિને આવી નોંધ આકાશતત્ત્વમાં (etheric) નોંધાએલી દેખાઈ. તેમાં ભૂત-ભવિષ્ય બધી જ ઘટનાઓની નોંધો થએલી તેને જણાઈ.

આ આકાશતત્ત્વમાંની નોંધોને - આવિર્ભાવોને શ્રી અરવિન્દ "excerpts" 'ઉતારાઓ' કહે છે.

One and harmonious by the Maker's skill,
The human in him paced with the divine.
His acts betrayed not the interior flame.
This forged the greatness of his front to earth.

આ આકાશતત્ત્વમાંના આવિર્ભાવો સ્વરૂપ નોંધો અલગ અલગ લાગતી હોવા છતાં તેવું નથી. તે બધાં એક જ વૈશ્વિક આવિર્ભાવનાં વિવિધ પ્રગટ શિખરો રૂપ છે. તેમની વચ્ચે દેખાતી ખાઈ એ તેમના જોડાણ-પ્રદેશો હજી આકાશતત્ત્વમાં પ્રગટ થયાં નથી. પણ ઊર્ધ્વ કક્ષાએથી ધીમે ધીમે અવતરણ પામી ભવિષ્યમાં આકાશતત્ત્વનાં સ્તરે પણ જોડાણો તરીકે રચાતાં દેખાશે. પ્રભુનાં સંકલ્પો આગળ-પાછળ અવતરણ પામતાં હોય છે. નીચે માનવ તેમને સમજી શકે તો તે અંશ વહેલો પ્રગટ થવા મથે છે. નથી સમજી શકતા તે અંશને અવતરણ પામવા માટે વધારે સમય લાગે છે અને તેથી ઉત્ક્રાંતિમાં તે મોડેથી પ્રગટ થાય છે. પ્રભુની કુશળતાનું આ પ્રતીક છે કે સમગ્ર આયોજન અખંડ અને સંવાદમય અને સમગ્ર આવિર્ભાવ પ્રક્રિયાને આવરી લેતું છે. માનવ તે આયોજન સાથે કેટલો તાલ મેળવી શકે છે (paced) તે ખૂબ જ મહત્ત્વનું છે. તે અનુસાર જ ઉત્ક્રાંતિ આગળ વધે છે. શ્રી અરવિન્દ આ તત્ત્વને જ 'સંમતિ' તરીકે વર્ણવે છે. સાધકે જગન્માતાનાં કાર્યમાં સંમતિ અને સ્વીકૃતિ આપવાની જરૂર છે જ. પોતાને પ્રભુના સંકલ્પાનુસાર ઢાળવાનું 'સમર્પણ' જરૂરી છે. તેની જીવનશૈલી અને વર્તનને અને ભાવ-જીવનને આંતરિક ચૈત્યપુરુષનાં પ્રકાશ અને પ્રેરણાને જ

અનુસરવાની ટેવ પાડવી પડશે. આ હશે તો જ તેનો ભૌતિક આધાર પણ પ્રભુની મહત્તાને પ્રગટ કરવાની ક્ષમતા કેળવવા પોતાનો નવો દિવ્ય-ઘાટ રચશે. સંમતિ, સ્વીકૃતિ અને સમર્પણ - ત્રણે પ્રભુપ્રેમમાંથી જ નિર્માણ થતાં હોય છે.

A genius heightened in his body's cells,
That knew the meaning of his fate-hedged works
Akin to the march of unaccomplished Powers
Beyond life's arc in spirits immensities.

આવી રીતે સાધકની સંમતિ, સ્વીકૃતિ અને સમર્પણથી પ્રભુના સંકલ્પને સાધકનાં નિમ્ન-સ્તરોમાં પણ ઉતરવાનો અને નવ-રચના કરવાનો મોકો મળે છે અને તે તે સ્તરોએ પોતાનું ચણતર કરવાનો પ્રયત્ન શરૂ કરી દે છે. આ ચણતર દ્વારા જ પ્રભુ પોતાને વધારે ને વધારે સારી રીતે પ્રગટ કરવા સક્ષમ બનતાં જાય છે. આનો ફાયદો ચૈત્યપુરુષ લે છે અને તે વિકસતો જાય છે. તે પોતાનો પ્રભાવ શારીરિક કોષો ઉપર પણ પાડે છે અને તેમાં દિવ્ય-ચેતનાને સ્થિર કરતો જાય છે. શ્રી અરવિન્દ તેને "genius" કહે છે. આ દિવ્ય ચેતના પ્રભુના આયોજનને જાણે છે, તેનું લક્ષ્ય પણ જાણે છે. આ લક્ષ્ય પ્રાપ્ત કરવા દિવ્ય-શક્તિઓ, વિશ્વ-શક્તિઓ કાર્ય કરતી હોય છે; પણ તે કાર્ય હજી સાધકના સભાન-ક્ષેત્રમાં પ્રવેશેલું ન હોવાથી તે, તે બાબત કાંઈ જ જાણતો હોતો નથી. તે કાર્ય તો અજ્ઞાત એવી ચૈત્યપુરુષની ચેતનાના અસીમ પ્રદેશમાં જ (spirits immensities) ચાલતું હોય છે.

Apart he lived in his mind's solitude,
A demigod shaping the lives of men:
One soul's ambition lifted up the race;
A power worked, but none knew whence it came.

અશ્વપતિની આ ગહન અનુભૂતિઓએ તેને એકાંતમાં અને આંતરિક-ચેતનામાં રહેવાની ટેવ પાડી દીધી હતી અને ત્યાંથી અશ્વપતિને સ્પષ્ટ દર્શન થતું હતું કે ચૈત્યપુરુષરૂપી અર્ધ-દેવ (demigod) જ માનવોનાં જીવનનો દોરી-સંચાર કરીને તેને ઘડતો હોય છે. બીજું, એને એક વધારે ગહન સત્ય પણ સમજાયું. એક પણ સાધક જો સાચા પુરુષાર્થને ખેડવાનો પ્રયત્ન કરે, પ્રભુને જીવનદ્વારા પ્રગટ કરવાની મહત્ત્વાકાંક્ષા સેવે, અરે, પ્રભુના સપનામાં ભાગીદાર બને; તો તેનો ફાયદો સમગ્ર

જાતિને મળે છે. કારણ વ્યક્તિનો દિવ્ય-ચેતના પ્રત્યેનો ઊઘાડ એ સમગ્ર જાતિનાં વિકાસ માટેની પ્રભુની પળ બની જતી હોય છે. પ્રભુ તે નાના ઊઘાડ દ્વારા સમગ્ર જાતિને પોતાનાં સપનામાં ભાગીદાર બનાવવા ઇચ્છે છે. તેમનો ઝડપી વિકાસ કરીને પોતાના આયોજનને આગળ વધારવા માંગે છે. આવા ઊઘાડને કારણે દિવ્ય-શક્તિઓ અવતરણ પામી તે સમગ્ર જાતિને પ્રગતિ કરાવતી થાય છે. આનાં દૃશ્ય પરિણામો બધાં જોઈ શકે છે, પણ આ પરિણામો કઈ શક્તિને કારણે આવ્યાં અને તે શક્તિ શા માટે આ તબક્કે સક્રિય બની છે તેનું જ્ઞાન તેમને જરાપણ હોતું નથી. જાતિની એક અનામી વ્યક્તિ જાણે જાતિનું ભવિષ્ય ઘડતી હોય છે.

(શ્રી અરવિન્દે આ જ ભૂમિકા બજાવી છે.)

The universal strengths were linked with his;
Filling earth's smallness with their boundless breadths,
He drew the energies that transmute an age.

જ્યારે કોઈ વ્યક્તિ પરમ-ચેતના તરફ ઉદ્‌ઘાટિત થાય છે ત્યારે તરત જ દિવ્ય-બળો, વિશ્વબળો તેની ચેતના સાથે જોડાઈ જાય છે. ખરેખર તો વિશ્વ-બળો તેના ઊઘાડ મારફત તેના નિમ્ન-તત્ત્વોમાં ઘસારો કરે છે અને તે પ્રદેશને કબજે કરવાનો પ્રયત્ન કરે છે. તેમની માટે તે પ્રદેશ જાણે શત્રુ-પ્રદેશમાંનું તેમનું એક સુરક્ષિત થાણું બની જાય છે, ચંચૂપાત કરવાનો માર્ગ બની જાય છે. નિમ્ન-તત્ત્વોમાં કાર્ય કરવાનો એક મોકો મળી જાય છે.

શ્રી અરવિન્દે "strengths"ની સ્પષ્ટતા કરવા તે શબ્દને "Force, Energy" અને "Power"થી જુદો ગણ્યો છે. શ્રી અરવિન્દ પરમ-ચેતનાની તેનાથી અભિન્ન એવી મૂળ અદિતિને 'મૂળ-શક્તિ' Force ગણે છે. જ્યારે સક્રિય બને છે ત્યારે તેને "Energy" કહે છે, 'સક્રિય-શક્તિ' કહે છે. Forceમાં જે પરિણામો લાવવાની ક્ષમતા છે તેને તેઓ Power અથવા 'સામર્થ્ય' કહે છે અને જ્યારે સક્રિય-શક્તિ અર્થાત્ Energy પ્રત્યક્ષ કોઈ કાર્ય કરવા કેન્દ્રિત થાય છે, એકાગ્ર થાય છે ત્યારે તેને strength 'બળ' કહે છે. એક જ દિવ્ય-શક્તિની આ ચાર ઉત્તરોત્તર સ્વરૂપો ગણી શકાય.

ઉપર શ્રી અરવિન્દે "universal strengths" શબ્દ વાપર્યો છે તે આ વિવેચનના આધારે લેવાનો રહેશે. તેથી શ્રી અરવિન્દે પ્રત્યક્ષ ઉત્ક્રાંતિના કાર્ય કરવા

માટે એકાગ્ર બનેલી વિશ્વ-શક્તિઓની અવસ્થાનું અહીં સૂચન કરેલ છે.

આ વૈશ્વિક-બળોનાં કાર્યને કારણે સાધકનાં ભૌતિકતત્ત્વમાં અહંકારે રચેલી સંકુચિતતાઓ, કઠોર આગ્રહો, માન્યતાઓ, વલણો, ભાવોને વિશાળતા, નમનીયતા લાવવાનો પ્રયત્ન શરૂ કર્યો. અર્થાત્ આ વિશાળતાઓ તે બળોની મૂળ વિશાળતાની તુલનાએ તો ક્ષુદ્ર-સંકુચિતતાઓ જ ભાસે. આ દર્શાવવા શ્રી અરવિન્દ તે દિવ્ય-બળોની વિશાળતાને "boundless breaths" તરીકે વર્ણવે છે. આ ઘટનાને કારણે અશ્વપતિની પ્રકૃતિમાં વિશેષ ક્ષમતાઓ "power" પ્રગટ થઈ. અશ્વપતિ ચેતનાની ઉત્ક્રાંતિના જે તબક્કામાં જીવન જીવી રહ્યો હતો તે તબક્કામાં હજી સુધી ન પ્રવેશેલી, હજી તે તબક્કાથી ઊર્ધ્વ-કક્ષાએ જ રહેલી સક્રિય શક્તિઓને તે હવે પોતામાં ધારણ કરતો થયો. અહીં શ્રી અરવિન્દ "energies" શબ્દ વાપરે છે તે ધ્યાનમાં લેવું જરૂરી છે, હયાત તબક્કાને શ્રી અરવિન્દ અહીં "age" શબ્દથી સૂચવે છે.

Immeasurable by the common look,
He made great dreams a mould for coming things
And cast his deeds like bronze to front the years
His walk through Time outstripped the human stride.
Lonely his days and splendid like the suns.

અશ્વપતિનું દર્શન અને તેનો પુરુષાર્થ હવે માનવી-ક્ષેત્રને જાણે વટાવી ચૂક્યાં હતાં. સામાન્ય માનવની ચેતના તેનું મૂલ્યાંકન કરી શકે એવી સ્થિતિમાં જ નહોતી. પરમ-પ્રભુને જીવનદ્વારા ભૌતિક જગતમાં પ્રગટ કરવાનો તેનો નિશ્ચય હતો, તેનું સપનું હતું. તે મહાન સપનાંઓના આધારે (great dreams) તે જીવનને ઘાટ આપવા ઈચ્છતો હતો. પોતાનાં વિચારો, ભાવનાઓ અને કર્મને તેને સુસંગત રીતે ઘાટ આપવો એ જ જીવનને ઘાટ આપવાનું સ્વરૂપ છે. તે આજનો ઘાટ આવતી કાલની ક્ષમતાઓને ધારણ કરવા માટેનો હતો. શ્રી અરવિન્દ તેથી "mould for coming things" એવો શબ્દ પ્રયોગ વાપરે છે. તે અનુસાર તેનું વર્તન થવા માંડ્યું હતું (deeds). શ્રી અરવિન્દ તે વર્તનની દૃઢતા અને સચ્ચાઈ દર્શાવવા તેને "bronze"ની ઉપમા આપે છે. પંચધાતુને "bronze" કહે છે. આ પંચધાતુ હવા,

(અનુ. પૃષ્ઠ ૧૧ ઉપર)

## યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# યોગમાં બુદ્ધિનું સ્થાન

(ભા.-૧, પૃ.૧૭૩-૧૯૩)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ યુરોપનો દાર્શનિક..... વિચારબુદ્ધિથી પર જઈ શકતો નથી. પૃ.૧૭૩

૨ બુદ્ધિ સર્વોચ્ચ સત્યને જાણવા શક્તિશાળી નથી. તે સત્યની શોધની સરહદ સુધી પહોંચી શકે, કદી મૂળ સત્ય સુધી પહોંચી શકે નહિ. પૃ.૧૭૩

૩ બુદ્ધિ મારફતે જ પરમ-સત્યની શોધનો અંત અજ્ઞેયવાદ છે. પૃ.૧૭૩

૪ સત્યની શોધ માટે પ્રથમ સ્થાન આધ્યાત્મિક સહજ સ્ફુરણા, પ્રકાશ તથા આધ્યાત્મિક-અનુભૂતિને આપેલું છે. પૃ.૧૭૫

૫ દરેક દર્શનના સ્થાપકો એક દાર્શનિક-ચિંતકની સાથે યોગી પણ હતા. પૃ.૧૭૫

૬ પશ્ચિમમાં બુદ્ધિ અને તાર્કિક-વિચારસરણી સૌથી શ્રેષ્ઠ સાધન તરીકે અને ઉચ્ચતમ ધ્યેય તરીકે ગણનાપાત્ર બન્યું. પૃ.૧૭૬

૭ મન, પ્રાણ, શરીરનું રૂપાંતર પ્રાપ્ત કરવું આ જ સત્ય પ્રત્યેનો પૂર્ણમાર્ગ છે. પૃ.૧૭૭

૮ પોતાની જાતને સત્યની નહેર ત્રણ રીતે બનાવી શકે. પોતાના આત્મામાં શાંત બની વિશાળ અને મહત્તર-ચેતના માટે જગા કરી આપે અથવા આંતરિક પ્રકાશને સ્થિર થવા દઈને તેને અભિવ્યક્તિનું સાધન બનવા દેવું અથવા પ્રશ્ન પૂછનાર સપાટી ઉપરના મનમાંથી પરાવૃત થઈને પ્રકાશિત મન બની રહેવું, જે સીધે સીધું સત્યનું દર્શન કરી શકે છે અને તેનું કરણ બની શકે છે. પૃ.૧૭૮

૯ શંકાના મૂળ પાયા ઉપર વિજય પ્રાપ્ત કરવા ચૈત્યપુરુષનો વિકાસ અથવા

ચેતનાની વિશાળતા જ ઉપયોગી છે. પૃ.૧૭૯

૧૦ દરેક વ્યક્તિ પોતાના મનોમય-બંધારણ અને મનોમય-પસંદગી પ્રમાણે વિચારે છે. પૃ.૧૮૨

૧૧ એક જ્યોતિર્મય શ્રદ્ધા હોય છે તે પાછળ રહેલા સત્યને જુએ છે. તે એક સહજ પ્રેરણા છે. પૃ.૧૮૩

૧૨ આપણા આંતર-સ્વરૂપમાં અતીન્દ્રિય વસ્તુઓનું સત્ય હોય છે. તેની સહજ સ્ફુરણાગમ્ય માન્યતા હોય છે. પૃ.૧૮૪

૧૩ તે વસ્તુ એક આંતરદર્શના વડે, પ્રકાશિત વિચાર વડે, પ્રાણમય સંવેદન વડે કે શારીરિક ઈન્દ્રિયો દ્વારા પણ થાય છે. પૃ.૧૮૬

૧૪ પ્રભુ વિશેની આ અનુભૂતિ મનોમય રચનાઓ, પ્રાણમય ગતિ નથી પણ મૂળભૂત વસ્તુઓ છે. પૃ.૧૮૭

૧૫ મન પ્રભુ કરતા મહાન હોય તો મને પ્રભુની શોધ કરવાનું કારણ નથી. સમાન હોય તો તેની જરૂર નથી અને પ્રભુ જ ચડિયાતા હોય તો પ્રભુને પડકારવાની જરૂર નથી. પૃ.૧૮૮

૧૬ મન અને આત્મા એક જ વસ્તુ નથી. પૃ.૧૮૮

૧૭ મને પોતાની મર્યાદા ઓળખીને જાતને શાંત કરવી જોઈએ. પૃ.૧૮૯

૧૮ પ્રભુનાં સત્યો અને અસુરોનાં જૂઠાણાં વચ્ચે તફાવત જાણવાની શક્તિ યોગ માટે જરૂરી છે. પૃ.૧૯૦

૧૯ શ્રદ્ધાએ ત્યાં સુધી ટકી રહેવાનું છે જ્યાં સુધી તે આંતર-પ્રકાશ તેને જ્ઞાનમાં ન પહોંચાડે. પૃ.૧૯૦

૨૦ આપણી અંદર રહેલા અંતરાત્મામાં પ્રભુ પ્રત્યે એક અહેતુકી ઝંખના હોય છે. પૃ.૧૯૧

૨૧ આનંદવિહીન પ્રભુ એ મૂર્ખાઈ છે. પૃ.૧૯૧

૨૨ આનંદ એ કૃષ્ણનું સૂક્ષ્મ-શરીર અને સ્વરૂપ છે, શાંતિ શિવનું અને મુક્તિદાતા જ્ઞાન મા ભગવતીનું સ્વરૂપ છે. પૃ.૧૯૧

૨૩ પ્રભુ પ્રકાશ, શાંતિ, સંવાદ, આનંદ, પ્રેમ સૌંદર્યને લઈને આવે છે. પૃ.૧૯૨

૨૪ આ દિવ્ય-પરમાત્મા આપણને અંધકારમાં દોરી શકે છે. પૃ.૧૯૩

૨૫ પ્રભુમાં સર્વસ્વ હોય છે. પૃ.૧૯૩

યુરોપનું દર્શનશાસ્ત્ર બુદ્ધિથી પર જઈ જ શક્યું નથી. તેઓ ભૌતિક જીવનને જ વધુ મહત્ત્વ આપતા, તેથી બુદ્ધિને શ્રેષ્ઠતમ સાધન તરીકે તેમણે માન્ય રાખ્યું. તેમનાં ભૌતિક - જીવનમાં સંસ્કારી મન, પ્રાણ અને શરીરનો સમાવેશ થાય છે.

પણ આપણા સ્વરૂપનું સત્ય અને પરમાત્મા આ પારબૌદ્ધિક ક્ષેત્રમાં પણ વિસ્તરેલાં છે. બુદ્ધિ સત્યની સરહદ સુધી જઇ શકે છે પણ અંદર પ્રવેશી શકતી નથી.

યુરોપના ચિંતકો બુદ્ધિને માનવનું જ્ઞાનાર્જનનું શ્રેષ્ઠતમ સાધન ગણે છે. જો ખરેખર તે જ શ્રેષ્ઠતમ સાધન હોય અને બુદ્ધિથી સત્ય અને પરમાત્મા પર હોય તો આપણે અજ્ઞેયવાદ સ્વીકારવો પડશે. જે કાંઇ આ પારબૌદ્ધિક તત્ત્વોની ઝાંખી બુદ્ધિના પ્રદેશમાં પ્રવેશે તેથી જ સમાધાન માનવાનું રહેશે.

ગુહ્યવાદીઓની જ્ઞાનાર્જનની પદ્ધતિ આધ્યાત્મિક-અનુભૂતિઓમાંથી જ્ઞાન મેળવવાની હતી. તેઓ એક તેજોમય શ્રદ્ધા ધારણ કરી રાખતા જે તેમને ખોટી અંધશ્રદ્ધાઓમાં પડતા વિવેકથી રોકતી. અન્ય લોકોને પોતાનું મેળવેલું જ્ઞાન જણાવવા જ તેઓ બુદ્ધિને સાધન તરીકે વાપરતા.

ઈ.સ. પૂર્વે સાતમીથી પાંચમી સદી વચ્ચે પૂર્વ અને પશ્ચિમમાં આવા ગૂઢ જ્ઞાનને બૌદ્ધિક રીતે મૂકવાના પ્રયત્નો શરૂ થયા, પણ તેમાં પૂર્વના લોકોએ બુદ્ધિની મર્યાદાઓ માન્ય રાખી તેને પૂરક તરીકે આંતર-પ્રેરણાને વાપરી, તેથી પૂર્વમાં તે પ્રગટીકરણ વધુ સારી રીતે થયું. પશ્ચિમના લોકોએ બુદ્ધિને જ શ્રેષ્ઠતમ સાધન માનવાની એકાંગી નિર્ણય લેવાથી ત્યાં આ જ્ઞાન વધુ વિકાસ પામ્યું નહિ અને બીજું, ત્યાં ગુહ્યજ્ઞાનના ગુપ્તમંડળો સ્થપાયાં જેમાં સર્વ સામાન્ય માનવને પ્રવેશ મળતો નહોતો અને તે જ્ઞાન જાહેર કરવામાં પણ આવતું ન હોતું.

દરેક દર્શનશાસ્ત્રનો સ્થાપક એક દાર્શનિક-ચિંતક હોવા ઉપરાંત એક યોગી પણ હતો. તેના અનુયાયીઓ મહદ્અંશે પંડિતો હતા, જેમાં યોગીનું તત્ત્વ ઓછું હતું.

પ્રાચીન ગ્રીક ચિંતકો થોડા ઘણાં પૂર્વના ઋષિઓને આ બાબતમાં મળતા આવતાં હતાં, પણ તેમણે અધ્યાત્મ કરતાં કલા અને નીતિના ક્ષેત્રમાં જ વધુ ધ્યાન આપેલું.

પૂર્વના મતે સત્યનો સાક્ષાત્કાર કરવા આપણે બાહ્ય-ચેતનામાંથી આંતર-ચેતનામાં પ્રવેશવું, પોતાની ચેતનાને વિશાળ કરવી, પ્રકાશ તરફ તેને ખુલ્લી કરવી, તેની મદદથી મન, પ્રાણ, શરીરને પ્રકાશમય બનાવી રૂપાંતરિત કરવાં; આ જ સત્યપ્રાપ્તિનો પૂર્ણ અને સુરક્ષિત માર્ગ ગણ્યો છે. અતિમનસનો ખ્યાલ પ્રાચીન કાળમાં પણ હતો પણ તેનો ઉપયોગ મન, પ્રાણ, શરીરનાં રૂપાંતર કરવામાં કેવી રીતે કરવો તે તેમને જ્ઞાત નહોતું. (ક્રમશઃ)

- માનસિંહ ચાવડા

## વૈદિક દેવો

# પવમાન વાજિન્ અને ઈશ્વર

પ્રકરણ - ૨૧ (ગતાંકથી ચાલુ)

''હું દ્યો, પૃથ્વી, અંતરિક્ષ, મૃત્યુને નમસ્કાર કરું છું. હું તેમને ચેતનાના ઊર્ધ્વસ્તરોએ રહેલા જોઉં છું. આપ બધાં ઈશ્વર છો અર્થાત્ દિવ્યક્ષમતાઓ ધરાવો છો. કૃપા કરીને હે ઈશ્વરો, મારો નાશ કરતા નહિ.''

આ બધાં જ ઈશ્વરસ્વરૂપ દેવો માનવશરીરમાં બીજસ્વરૂપે રહેલાં છે. તેમને વિકસાવવાથી જ પ્રભુ પોતે તેમની દ્વારા પોતાનો આવિર્ભાવ કરે છે.

ઉપનિષદોમાં એક આખ્યાન આવે છે. બ્રહ્માએ વિવિધ પ્રાણીઓનાં શરીરો રચ્યાં અને દેવોને બતાડ્યાં. દેવોએ બધાં જ પશુ, પક્ષી જંતુઓનાં શરીરો નાપસંદ કર્યાં. અંતે, બહ્માએ માનવશરીર બતાડ્યું. ત્યારે બધાંને તે એકદમ પસંદ પડી ગયું. બધાં આનંદથી બોલ્યાં, ''આમાં અમે રહેશું'' અને દેવોએ માનવ-શરીરમાં પ્રવેશ કર્યો.

તેઓ કયા સ્વરૂપે રહ્યાં ? તેનો જવાબ વેદો આપે છે કે તેઓ માનવની વિવિધ ક્ષમતાઓના બીજસ્વરૂપે રહ્યાં, તેમાં દર્શનક્ષમતા, શ્રવણક્ષમતા, સ્પર્શનક્ષમતા, સ્વાદન-ક્ષમતા, ગંધનક્ષમતા, તેમ જ સ્મૃતિ, ધૃતિ, જ્ઞાન, સંજ્ઞાન, કલ્પના, વાચા શક્તિ તરીકે રહ્યાં છે. તેઓ પરમ-ચેતનાની જ વિવિધશક્તિઓ છે પણ તેમને પોતાનું સ્વરૂપ અર્થાત્ વ્યક્તિરૂપ પણ છે. તેઓ માનવોના સંપર્કમાં આવી શકે છે. તેમને મદદ કરી શકે છે.

દેવો બધાં સાચા અર્થમાં તો વૈશ્વિક-શક્તિઓ અને ક્ષમતાઓ છે. પણ તે દરેકનો આછોવત્તો અંશ દરેક માનવપ્રાણીમાં પણ રહેલો છે. આપણે તે શક્તિ અને ક્ષમતાનો વિકાસ કરશું તો તે વૈશ્વિક કક્ષાની જ જે તે દેવતા પોતાની વધુ શક્તિ અને ક્ષમતા તેમાં પૂરે છે.

આ બધાં દેવોમાં પાંચ દેવો મહત્ત્વનાં છે. તે છે ઇન્દ્ર, વાયુ, વરુણ, અગ્નિ

અને બૃહસ્પતિ. આ પાંચે દેવતા પાંચ પ્રાણસ્વરૂપે આપણા શરીરમાં વસે છે અને તેમની પાંચ મુખ્ય અને મૂળભૂત ક્ષમતાઓ છે. જે બાકીની શક્તિઓ અને ક્ષમતાઓને વિકસવા મદદરૂપ થાય છે.

આ પાંચ ક્ષમતાઓ નીચે મુજબની છે :

| **પંચ પ્રાણ** | **દેવો** | **ક્ષમતા** |
|---|---|---|
| પ્રાણ | ઈન્દ્ર | ગ્રહણ શક્તિ |
| અપાન | વાયુ | પ્રક્ષેપણ-શક્તિ, અવતરણ શક્તિ |
| વ્યાન | વરુણ | સંગ્રહ-શક્તિ |
| ઉદાન | અગ્નિ | સર્જન-શક્તિ |
| સમાન | બૃહસ્પતિ | વિસ્તરણ-શક્તિ |

ઈન્દ્ર ઊર્ધ્વ-ચેતનામાંથી સમજણ અને પ્રકાશ મેળવે છે. વાયુ તેમને સૂક્ષ્મ અને સ્થૂળ શરીરમાં પ્રક્ષેપણ કરે છે. વરુણ તેમને સમગ્ર શરીરમાં તેના શારીરિક - કોષોમાં સંગ્રહે છે. અગ્નિ તેની મદદથી નવી ચેતનાનું સર્જન કરે છે. બૃહસ્પતિ દેવોની ક્ષમતાઓને અને શક્તિઓને સંવાદી રીતે સંયોજી વિસ્તરણ કરે છે.આ જ વસ્તુ પરંપરા ગત યોગમાં પંચપ્રાણનાં સ્થાન દર્શાવવા પ્રતીકાત્મક રીતે વર્ણવેલ છે.

તેમાં માનવી શરીરનું કેન્દ્ર નાભિ-સમજવામાં આવે છે. કારણ (૧) નાભિ એ મણિપૂર કેન્દ્રનું સ્થાન છે. મણી એટલે પાસાં પાડવા અથવા વિભાજીત કરવું. મૂળ પ્રાણશક્તિનાં અહિં તેના કાર્યોનુસાર વિભાજન પડે છે. (૨) ગર્ભાશયનું નાભિ સાથે જોડાણ હોય છે. જેની દ્વારા ગર્ભ પોષણ મેળવે છે. તેથી ફૂલને જેવું ડીંટીયાનું મહત્ત્વ છે તેમ માનવ શરીરમાં નાભિનું છે.

ઉપરના વિવિધ પ્રાણોના કાર્યોનું ક્ષેત્ર નીચે મુજબ તેથી યોગમાં વર્ણવેલ છે : (૧) પ્રાણ, કંઠ અને નાભિ વચ્ચે ગ્રહણ કરવાનું કાર્ય કરે છે. (૨) અપાન નાભિથી નીચે ગ્રહણ કરેલી શક્તિને અવતરણ કરાવવાનું કામ કરે છે. (૩) વ્યાન પ્રાણ અને અપાનના ક્ષેત્રમાં ગ્રહણ કરેલી શક્તિનો સંગ્રહ કરે છે. (૪) ઉદાન સંગ્રહિત શક્તિનો ઉપયોગ વ્યક્તિ ચેતનાનું ઉત્થાન કંઠથી મસ્તકના ટોચ સુધી કરવા કરે છે. (૫) સમાન ઊર્ધ્વમાંની શક્તિઓને લઈ સમગ્ર શરીરમાં સમાન રીતે ફેલાવે છે.

માનવદેહની આ બીજસ્વરૂપ ક્ષમતાઓને કારણે જ અન્ય દેવોએ માનવશરીરને પસંદ કરીને તેમાં રહેવાનું સ્વીકાર્યું.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧૬

(પૃ.૧૦૯-૧૧૦)

## રૂપાંતર અને વિશુદ્ધિ

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 Purification of the nature by the 'influence' of the Spirit is not... transformation. Purification is only part of psychic change or psycho-spiritual change. P. 110

2 The word (purification) has... moral or ethical meaning which is foreign to my purpose. P. 110

3 (spiritual transformation) It is a putting on of the spiritual consciousness dynamic as well as static in every part of the being down to the subconcient. P. 110

4 I may add that transformation is not the central object of other paths as it is of this Yoga. P. '110

'અતિમનસ' શબ્દની જેમ જ 'રૂપાંતર' આ શબ્દ શ્રી અરવિન્દે પોતાની વિશિષ્ટ આધ્યાત્મિક ઘટના દર્શાવવા વાપર્યો છે અને તેવી આધ્યાત્મિક ઘટનાઓ અન્ય યોગોમાં થતી ન હોવાથી જ શ્રી અરવિન્દને આ નવા શબ્દ પ્રયોગો વાપરવા પડ્યાં છે.

વિશુદ્ધિની કલ્પના બધા જ પ્રાચીન-યોગોમાં છે, પણ વિશુદ્ધિ અને રૂપાંતર બંને એક જ વસ્તુ નથી. રૂપાંતરના ત્રણ તબક્કા છે : (૧) ચૈતસિક-રૂપાંતર (૨) વૈશ્વિક અથવા આધ્યાત્મિક-રૂપાંતર (૩) અતિમાનસિક-રૂપાંતર..... તે પૈકી વિશુદ્ધિની સભાન પ્રક્રિયા એ પ્રથમ બે તબક્કાનો જ ભાગ હોય છે. ચૈતસિક-રૂપાંતરમાં ચૈત્યપુરુષના પ્રભાવને લીધે તેની મનોમય, પ્રાણમય અને શારીરિક પ્રકૃતિની શુદ્ધિકરણની પ્રક્રિયા શરૂ થાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ છ અશુદ્ધિઓ ગણાય છે. તેમને શુદ્ધ કરીને અથવા નિર્મૂળ કરીને તેની જગ્યાએ પ્રેમ, આનંદ, મંગળ ભાવોને સ્થાપવામાં આવે છે. આ સમગ્ર ચૈતસિક-રૂપાંતરના એક

ભાગ તરીકે થતી શુદ્ધિકરણની પ્રક્રિયાઓ છે. ચૈત્યપુરુષનું પ્રકૃતિની પાછળથી અગ્રભાગે આવીને પ્રકૃતિને પોતાના નિયંત્રણ નીચે લેવાનું આ સમગ્ર પરિણામ હોય છે. આ પ્રક્રિયા એ જ ચૈતસિક-રૂપાંતરનું હાર્દ છે. વિશુદ્ધિ તેના પરિણામ સ્વરૂપ થતી અનેક પ્રક્રિયાઓમાંની એક પ્રક્રિયા છે. આ રૂપાંતરમાં આંતરિક પ્રકાશમય-ચેતનાનો સતત અનુભવ આવે છે પણ વ્યક્તિ-ચેતનાની સીમા ઓળંગતી નથી.

શુદ્ધિકરણની જુદા જ પ્રકારની પ્રક્રિયા આધ્યાત્મિક-રૂપાંતરમાં પણ શરૂ રહે છે. ચૈતસિક-રૂપાંતરમાં વ્યક્તિ-ચેતના, વ્યક્તિ-ચેતના તરીકે જ રહે છે. ફક્ત તેમાં ચૈત્યપુરુષ અહંકારનું સ્થાન લઈ પ્રકૃતિનું શાસન કરે છે, પણ અહંકારનો નાશ તો થતો જ નથી. આધ્યાત્મિક-રૂપાંતરમાં વ્યક્તિ-ચેતના વૈશ્વિક-ચેતનામાં પ્રવેશે છે. તે વિશાળતા ધારણ કરે છે. બધી જ વ્યક્તિનાં સ્વરૂપોમાં તે વ્યાપી જાય છે. વ્યક્તિગત-ચેતનાની મર્યાદાઓને ઉલ્લંઘી જાય છે અને વૈશ્વિક-ચેતનામાં અહં-સ્ફુરણા જાગે છે. વ્યક્તિગત અહંકાર આમાં અવચેતનામાં ચાલ્યો જાય છે, નિષ્પ્રભ થઈ જાય છે, પણ છતાં અવચેતન અને અચેતનમાં તો તે યોગ્ય સમયની વાટ જોતો હોય છે; જેથી ફરી પોતાનો અડ્ડો જમાવી શકે. આધ્યાત્મિક-રૂપાંતરમાં અવચેતન અને અચેતનને નામશેષ કરવાનું બાકી જ રહે છે.

આધ્યાત્મિક રૂપાંતરમાં વિશ્વપુરુષ સ્વરૂપ અક્ષરપુરુષ અગ્રભાગે આવે છે અને અહંકારને ભગાડવાની વિશુદ્ધિની પ્રક્રિયા કરવામાં આવે છે. પ્રકૃતિના સભાન પ્રદેશમાંની આ અંતિમ વિશુદ્ધિની પ્રક્રિયા છે.

અતિમાનસિક રૂપાંતરમાં પણ અભાન પ્રકૃતિના પ્રદેશમાંની વિશુદ્ધિ થાય છે. તે પ્રદેશ તો તદ્દન અજાણ્યો અને વણખેડ્યો હોય છે.

વ્યક્તિગત અને વૈશ્વિક-ચેતનાનું માધ્યમ વિશુદ્ધ થતાં જ અતિમાનસિક શક્તિઓ આ બંને ચેતનાને માધ્યમ બનાવી અવચેતનમાં પ્રવેશે છે. તે પોતે અજેય શક્તિ છે. દિવ્યતમ શક્તિ છે. તે અવચેતન અને અચેતનનું પણ રૂપાંતર કરીને તેમને પારદર્શક દિવ્ય-માધ્યમો બનાવી નાખે છે. તેથી તેમના નીચે ગુપ્ત અને સુપ્ત રહેલ અતિમાનસ-શક્તિ જે અત્યાર સુધી અભીપ્સારૂપે પ્રગટ થતી હતી તે વ્યક્તિગત અને વૈશ્વિક-ચેતનાની મર્યાદાઓ ત્યાગીને ઊર્ધ્વમાંના અતિમનસ શક્તિને આવી મળે છે. બંને એક અખંડ ચેતના બની જાય છે. વ્યક્તિ અને વૈશ્વિક ઊર્ધ્વગોલાર્ધ અને નિમ્નગોલાર્ધ જોડાઈ જાય છે અને એક અખંડ અતિમનસ દિવ્ય-ચેતના પ્રગટ થવા લાગે છે. પ્રભુ પુરુષોત્તમ સાથે એકરૂપતા સધાય છે. વ્યક્તિ અને વૈશ્વિક-ચેતના ક્ષર અને અક્ષરપુરુષ તેના બે અવિભાજ્ય પાસાં બની જાય છે.

# યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)

પ્રકરણ - ૧૯

## અવચેતનાની ગતિવિધિઓ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- આપણી યોગસાધનામાં અવચેતના એટલે ચેતનાની સપાટી નીચે તદ્દન ડૂબી રહેલા ભાગ જેમાં અચેતન અને સુસંબંધ વિચાર, સંકલ્શક્તિ કે લાગણી યા તો વ્યવસ્થિત પ્રતિકાર્ય હાજર હોતા નથી. પૃ.૧૮
- અવચેતનાના એ સાગરમાંથી જાતજાતના ઉત્તેજક સંસ્કારો..... વિચિત્ર સ્વરૂપો.....જાગ્રત ચેતનાની સપાટી ઉપર ઉછાળા મારી બહાર આવી શકે છે..... સ્વપ્નાવસ્થામાં સૌથી વધારે પ્રમાણમાં ઉછાળા મારે છે..... પૃ.૧૮
- જાગૃત વિચારોના કે સંકલ્પશક્તિના જ્ઞાન, પસંદગી કે આજ્ઞાથી પણ કેવળ ઊલટા જ એવા સંસ્કારો એ સઘળું અવચેતનામાંથી ઉદ્‌ભવી શકે છે અને ખરેખર ઉદ્‌ભવતું પણ હોય છે. પૃ.૧૮
- અવચેતનાની એ અજ્ઞાનથી આચ્છાદિત સામગ્રી માનવની શારીરિક સ્થિતિ સાથે સંબંધ ધરાવનાર તત્ત્વો ઉપર પણ શાસન કરતી હોય છે. પૃ.૧૮
- વારે વારે આવતી માંદગીઓ અવચેતનાના સંસ્કારોનું પુનરાવર્તન કરવાની ટેવને મુખ્યત્વે આભારી હોય છે. પૃ.૧૯
- આપણી બહિર્મુખ ચેતનાના પડદા પાછળ ઢંકાયેલાં એવા અવચેતના સિવાયના કરણો પણ આપણામાં આવી રહેલાં છે..... એ અજ્ઞાની નહિ પરંતુ જ્ઞાનવાળાં હોય છે. પૃ.૧૯
- આપણે તેમને આંતર-માનસિક, આંતર-પ્રાણમય તથા સૂક્ષ્મ-શારીરિક ચેતના કહીએ છીએ. પૃ.૧૯
- આપણી જાગૃત ચેતના એ પડદા પાછળની જ્ઞાનવાળી ચેતનામાંથી કાંઇ ને કાંઇ સતત મેળવતી જ હોય છે. પૃ.૧૯

અવચેતના અને તેના દ્વારા ચાલતી રોજિંદી જીવનની ક્રિયાઓ વિશે શ્રી અરવિન્દ સમજાવી રહ્યા છે.

અવચેતના એ આપણી બાહ્ય જાગ્રત ચેતનાની નીચે આવેલી, ડૂબી ગયેલી અભાન ચેતના જ છે. તેનું શાસન અસ્તવ્યસ્ત રીતે ચાલતું હોય છે. અનેક અસ્પષ્ટ સંસ્કારો, વિચારો, કામનાઓ ભાવનાઓ વગેરેને કારણે આ અવચેતના દોરવાતી હોય છે. ક્રમબદ્ધ આયોજન છે જ નહિ તેવો માનવચેતનાનો આ અભાન ભાગ છે. સતત પુનરાવર્તન કરવાની ટેવ હોય છે અને આને કારણે જ આપણે જે ખરાબ વિચાર, ખરાબ ભાવનાઓ કે ટેવોને ફગાવી દીધી હોય છે, તે વળી પાછી આપણામાં આવીને અડ્ડો જમાવે છે. અવચેતના આ પ્રકારના બહાર ફેંકી દીધેલા તત્ત્વને વિવશ બનીને અભાન રીતે response આપતી હોય છે. તેને કારણે આવા દૂષિત વિચારો, ભાવનાઓ કે કાર્યો અચાનક જ માનવની જાગ્રત-ચેતનામાં ઉછળીને બહાર આવીને પ્રગટ થાય છે. અવચેતનામાં સંકલ્પશક્તિ અને પ્રકાશિત ચેતનાનો અભાવ હોવાથી તેની ક્રિયાઓ યાંત્રિક અને ઘણેખરે અંશે સાધના- વિરોધી બની રહે છે.

વળી આ પ્રકારની અભાન પ્રક્રિયાઓ ભૂતકાળના અસંખ્ય જન્મોના સંસ્કારો અને અભાન પ્રવૃત્તિઓને આભારી હોય છે. તેને કારણે આ અજ્ઞાનથી આચ્છાદિત માનવશરીર સાથે સંબંધ ધરાવતાં દરેક તત્ત્વ પર શાસન કરે છે. વારે વારે આવતી માંદગીઓ પણ આ અવચેતનાની પુનરાવર્તન કરવાની યાંત્રિક ક્રિયાને જ આભારી છે. દરેક નકારાત્મક વિચાર, ભાવના કે શારીરિક ટેવો આ અવચેતનાના અભાન પ્રતિકાર્યને આભારી છે. સાધકે તેને પ્રકાશિત કરવાની જરૂર રહે છે.

આ અવચેતનાને પ્રકાશિત કરવા માટેનું પ્રથમ પગથિયું એ છે કે આપણી જાગ્રત-ચેતનાની નીચે આંતર મન, આંતર પ્રાણ અને સૂક્ષ્મ શારીરિક ચેતના આવેલી છે. તેનું કાર્ય અને પ્રતિક્રિયા શુદ્ધ અને નિર્ભેળ હોય છે. શ્રી અરવિન્દ જણાવે છે..... ''તેમાંથી અવચેતનાને સાફ સાફ જુદી પાડવાની છે.'' આપણી ચેતના અભાન અને અજાગ્રત અથવા અર્ધજાગ્રત હોય છે અને તેના કારણે તેમાં બનતી અનેક ગતિવિધિઓને તે સ્પષ્ટ અને પ્રકાશિત સ્વરૂપે અનુભવી શકતી નથી.

માનવ સ્વરૂપમાં બાહ્ય ચેતનાની નીચે જે આંતર ચેતનાઓ આવેલી છે તે પણ બાહ્ય ચેતનામાં પોતાનો પ્રતિભાવ અને પ્રતિક્રિયાઓ પ્રગટ કરતી હોય છે. ચેતનાની અજ્ઞાની અવસ્થાને કારણે માનવને અવચેતનાનાં કાર્યો અને આંતર ચેતનાનાં શુદ્ધ

(પૃષ્ઠ ૨૮ ઉપર)

# વેદ-રહસ્ય - શ્રી અરવિન્દ

## અગ્નિનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૯૧-૧૦૧)
પ્રકરણ -૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ક્રમશઃ)

વેદમાં અગ્નિની બે બાજુઓનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે : (૧) શક્તિમય પાસું (૨) પ્રકાશમય પાસું. તે આ વિશ્વનાં વિવિધ જગતોને નિર્માણ કરનારી દિવ્ય-શક્તિ સ્વરૂપ છે અને તે શક્તિ સભાન અને ચેતનવંતી છે. તે સમજણપૂર્વક જ કાર્ય કરે છે, તેથી જ અગ્નિને 'જાતવેદસ્' કહ્યો છે તેમ જ તે શક્તિ આત્મજ્ઞાની પુરુષોના યજ્ઞભાવનાથી કરેલાં કર્મો દ્વારા પ્રગટ થાય છે, તેથી તેને 'કવિક્રતુ' કહે છે. તે પ્રભુના સંકલ્પને ધારણ કરી રાખે છે. તે સંકલ્પમાંથી હજી સત્ય પ્રગટ થયેલું હોતું નથી, તેથી જ અગ્નિને સત્યગોપા, સત્યનો રક્ષક કહ્યો છે; સત્યનું સંરક્ષણ કરનાર કહ્યો છે. તેની પાસે ઋતમ્ અને સત્યમ્ બંને છે. તેને ઋતમ્‌માંથી વિવિધ પ્રકારની પ્રેરણાઓ વિપુલ પ્રમાણમાં મળતી હોવાથી તેને 'ચિત્રશ્રવસ્તમ્' કહ્યો છે. ચિત્ર એટલે વિવિધ પ્રકારની, શ્રવસ એટલે પ્રેરણાઓનું નીચે અવતરણ અર્થાત્ શ્રાવ. તમઃ એટલે વિપુલ પ્રમાણમાં. આ શબ્દનો અન્ય પણ એક અર્થ છે. તે આ જ અર્થને વધારે સ્પષ્ટ રીતે પ્રગટ કરે છે. તેમાં ચિત્રનો અર્થ આંતરદર્શન, શ્રવસ્‌નો અર્થ શ્રવણ અર્થાત્ આંતરવાણી. આ બંને સ્વરૂપે પ્રેરણા મળતી હોય છે અને તે પ્રમાણે તત્ત્વને ઘડી તેમાં રહે છે. આવી રીતે તે પોતાના ઘર રચે છે. અગ્ને યક્ષિ સ્વદમમ્ (૧-૭૫-૫) અગ્નિ (અગ્ને) તારા પોતાના આ બધાં સદનોને (સ્વદમમ્) તું તારી દિવ્ય-શક્તિથી પોષણ આપ (યક્ષિ) અર્થાત્ તેમની રચના કર, તેને દિવ્યતા આપ.

અગ્નિ જેમ ઊર્ધ્વ કક્ષાના પોતાના સદનમાં જઈને વિકાસ પામે છે,

તેમ તેમ તે વિશાળ થતો જાય છે અને અંતે અસીમ બની જાય છે. વિશાળતા માટે વેદોમાં 'ઉરૌ' શબ્દ વાપરેલ છે. તેનો અર્થ છે મોટા પેટવાળો, વધારે સમાવી લેનાર, તેના અંતિમ સ્વરૂપને તો 'અનિબાધે' એટલે કોઈ પણ નિર્બંધ અર્થાત્ સીમા વગરનો - અસીમ કહ્યું છે.

વૈદિક ઋષિઓની ગૂઢ ભાષાનું પ્રથમ કેન્દ્રિય રહસ્ય એટલે અગ્નિ છે.

અગ્નિ શબ્દના વિવિધ અર્થો છે. તેમાં રહેલ મૂળ ધાતુ ઉત્કટતા, તીવ્રતા દર્શાવે છે - તે પછી સ્થિતિની હોય, કાર્યની હોય, સંવેદનની હોય કે ગતિની હોય. સારાંશ, અગ્નિ પોતાના સ્વભાવને ઉત્કટતાથી અનુસરે છે. જે કરે છે તેમાં પૂરેપૂરી શક્તિ, એકાગ્રતા વાપરે છે. 'ગ' ધાતુનો અર્થ સર્પાકાર વળાંક લેતી ગતિ, બળ, શક્તિ, સૌંદર્ય, તેજોમયતા, દોરવું અને નેતૃત્વ એવા છે. દરેક અર્થ અગ્નિના કાર્યને યથાર્થ રીતે વર્ણવે છે. અગ્નિ પોતાના વિકાસ માટે પ્રકાશ અને અંધકારના ગાળા વાપરી સર્પાકાર ગતિથી વિકાસ સાધે છે. આવી ગતિ તે ચેતનાનું ઊર્ધ્વગામી બળ છે. બળ અર્થાત્ સક્રિય શક્તિ છે અને સુષુપ્ત-નિષ્ક્રિય અવસ્થામાંની શક્તિ પણ છે. બંને અવસ્થાને અગ્નિ જ કહે છે. તે આત્માનાં સૌંદર્ય - (સુંદરમ્) પાસાને ખીલવે છે. તે એકાગ્રતા-સ્વરૂપ હોવાથી તીવ્ર સભાનતાના પ્રકાશથી પ્રકાશિત છે. તે આત્માને પ્રભુના સંકલ્પાનુસાર દોરે છે અને તેનો નેતા બની આગળ વધે છે. તે પુરોહિત છે.

તે આપણી ચેતનાનો આંતરિક નિયામક છે. બાહ્ય નિયામક કોઈ વિચાર, ભાવના, વિકાર કે આદર્શ હોઈ શકે; પણ તેની પાછળ આ અગ્નિનું જ આયોજન હોય છે.

અગ્નિ એટલે વ્યક્તિની ચેતનામાં રહેલ પ્રભુનો દિવ્ય-સંકલ્પ, જીવાત્મામાં આ સંકલ્પ રહે છે. તે જ ઋતમ્ છે. તેના વિકાસને પોષક વસ્તુઓ અને પરિસ્થિતિને જ ઋત્‌ના નિયમો કહેવાય છે. આ વસ્તુઓ અને પરિસ્થિતિઓ રચવાનું કામ અગ્નિ જ કરતો હોય છે - તે સંકલ્પ જ કરતો હોય છે.

જેમ ચક્રની ધરીમાં બધા આરા એકરૂપ થઈ જાય તેમ અગ્નિમાં બધા જ દેવો એકરૂપ થઈને વસે છે. સંકલ્પની વિવિધ આવિર્ભાવ-ક્ષમતાઓ એ જ વિવિધ દેવો છે અને મૂળ સંકલ્પ જ અગ્નિ છે. તેથી અગ્નિમાં બધા દેવો વસે છે. અગ્નિને દેવોનું મુખ પણ કહ્યો છે, કારણ દેવોને પોતાના કાર્યનો સંતોષ આપનાર અગ્નિ જ છે.

અગ્નિરૂપી દિવ્ય-સંકલ્પ આપણી અશુદ્ધ પ્રકૃતિના કારણે મલિન થયેલો,

ધુમાડાવાળો જણાય છે. ખરેખર, અગ્નિ કોઈ વખત વિકૃત થતો નથી, પણ વાદળાં પાછળ ઢંકાયેલા સૂર્યની જેમ પ્રકાશમાન જ, શુદ્ધ જ રહે છે.

અગ્નિ અશુદ્ધિઓનો નાશ કરે છે. આપણી પ્રકૃતિને દિવ્ય બનાવે છે, ત્યારે દિવ્ય-પ્રકૃતિ મારફત તે સદા પ્રકાશિત સૂર્યની જેમ ઝળહળી ઊઠે છે. અગ્નિ જ સૂર્યનું, મિત્રનું રૂપ લે છે. વિશુદ્ધિ માટે અગ્નિ વિપરીત પરિસ્થિતિ રચીને દબાણ લાવીને, આઘાત કરીને પણ આપણી પ્રકૃતિને ઘડતો હતો. હવે તે આકરું કાર્ય પૂર્ણ થવાથી તે પોષક, મિત્ર અને મદદગાર, મુક્તિદાતા બની જાય છે. તે જ પૂષન, તે જ મિત્ર, તે જ અર્યમા બનીને જીવન ઘડે છે. તે મર્ત્ય માનવને અમરતા તરફ દોરી જાય છે.

શરીરરૂપી વેદીમાં, હવનકુંડમાં રહેલ અગ્નિ અને સચરાચરમાં વ્યાપેલ અગ્નિ બંને એક જ છે. તે જ પોતે પોતાને પોષણ આપનાર છે. તે જ કુંડમાંનો અગ્નિ છે. તે જ આહુતિ આપનાર પુરોહિત પણ છે. આપણી પ્રકૃતિનાં તત્ત્વો એ જ તેનાં હોમ-દ્રવ્યો છે. તે તત્ત્વોને પોતાના જ સ્વરૂપ વિવિધ દેવોને સમર્પિત કરે છે. જાણે પોતે આહુતિ આપીને દેવોને સંતુષ્ટ ન કરતો હોય તેમ !

જેમ જેમ અગ્નિરૂપી સંકલ્પ વધારે ને વધારે પ્રગટ થાય છે, સક્રિય બને છે, પ્રકૃતિનો શાસક બને છે; તેમ તેમ તે આધ્યાત્મિક રીતે ઊર્ધ્વયાત્રા કરે છે. એકથી એક વિશાળ ચેતનામાં પ્રવેશતો જાય છે અને પોતાને તે ચેતના જેટલો જ વિશાળ કરતો જાય છે. તે અંતે, અસીમ પ્રકાશ-સ્વરૂપ બની જાય છે. (ક્રમશઃ)

(પૃષ્ઠ ૨૫ ઉપરથી)

## યોગ પર દીપ્તિઓ

કાર્યો વિશે સમજણ પડતી નથી અને બધું જ જાણે કે ખીચડો બનીને પ્રગટ થઈ રહ્યું છે તેવું લાગે છે.

આ આંતર ચેતનાઓ મૂળભૂત રીતે શુદ્ધ ચેતના હોય તે જ્ઞાનવાળી હોય છે અને તેની દોરવણી અને સંચાર પણ જ્ઞાન અને પ્રકાશમાંથી થતો હોય છે.

સાધકે પોતાના સ્વરૂપમાં પ્રકાશને સ્થિર કરવાનો હોય છે અને પ્રકાશિત અવસ્થામાં ચેતનાના કાર્યો અને પ્રતિકાર્યોને પીછાણીને પરિત્યાગ અને આધ્યાત્મિક વિકાસ સાધવાનો હોય છે. પ્રકાશિત અવસ્થા જ ચેતનામાં સંઘટન, સ્પષ્ટતા, શુદ્ધિ, ઓયોજન અને સભાનતા લાવે છે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## વળગાડનું સ્વરૂપ અને કારણો

પ્રકરણ - ૨૫

(ખંડ-૧, પૃ.૧૩૪-૧૩૭) (તા.૨૯.૫.૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : એક્ષમાં દિલની સચ્ચાઇ હતી તેથી આશ્રમ છોડતી વખતે તેને બહુ દુઃખ થયું. પણ તેમાં બેવડું વ્યક્તિત્વ હતું. આશ્રમનું વાતાવરણ તે બગાડી નાખતો.

શ્રી અરવિન્દ : તે દિવ્યવ્યક્તિત્વ નહોતું, તેમાં એક સ્વરૂપે કરેલું બીજા સ્વરૂપને યાદ રહેતું. જ્યારે વિભાજિત વ્યક્તિત્વમાં તેવું યાદ રહેતું નથી. તેના ઉપર પ્રાણમય સત્ત્વે કબજો લીધો હતો, તેથી આવું થતું હતું. તે શ્રી અરવિન્દના પત્રોનો વિકૃત અર્થ કાઢતું હતું.

શિષ્ય : આવા વળગાડનું પરિણામ શું આવે ?

શ્રી અરવિન્દ : બે પ્રકારના પરિણામ થાય છે. એક તે વ્યક્તિ પાગલ થઈ જાય છે, સંતુલન ખોઈ બેસે છે. બીજું, તેનામાં પેલી પ્રાણિક સત્ત્વની ક્ષમતાઓ પ્રગટ થવા લાગે છે અને તે પોતાને અવતાર ગણવા લાગે છે. પતન સહેલું છે.

શિષ્ય : આ ઘટના કોઇ શારીરિક નબળાઇને કારણે થઇ હશે ?

શ્રી અરવિન્દ : અસહકારની ચળવળમાં તેણે તપસ્યા કરી તેથી શરીર નબળું પડી ગયું હતું. પણ આ પરિણામ તેની પ્રાણમય સંકુચિતતાને કારણે છે. તેના આધ્યાત્મિક ખ્યાલો રૂઢિગત ધર્મ અને આચારોથી ખૂબ જ સંકુચિત છે. તેની પ્રાણમય અભીપ્સા ખૂબ જ ઉત્કટ હતી પણ સાથે પ્રાણમય મિથ્યાભિમાન અને દંભ પણ હતો. તેની ધાર્મિક ભાવુકતાએ અતિમનસને જલદી, તત્કાળ, અવતરણ કરાવવાની હઠ પકડેલી. તેને લાગતું હતું કે આ બધું મને સંમત જ છે, પણ તેવું નહોતું. તે ઊંઘતો નહીં, ખાતો નહીં; તેવી સ્થિતિનો પ્રાણમય સત્ત્વે ફાયદો લીધો.

શિષ્ય : આવી ઘટનાઓથી વિશેષતા, પ્રાણમય સત્ત્વોથી બચવાનો ઉપાય શું ?

શ્રી અરવિન્દ : કોઇ પણ પ્રાણમય સત્ત્વને આકર્ષવું નહીં અને શુદ્ધ સાધના રાખવી. તે એક્ષના પ્રાણમય સત્ત્વ ઉપર જવા માટે અને દબાણ લાવતા તો એક્ષ વાઇથી પિડાતો. તે તે સત્ત્વને છોડવા તૈયાર નહોતો. દબાણ હઠાવીએ તો એક્ષ સામાન્ય માનવની જેમ રહેતો.

શિષ્ય : આશ્રમમાં આવવાનું તે પ્રાણમય સત્ત્વનું પ્રયોજન શું?

શ્રી અરવિન્દ : યોગના ઓઠા નીચે પોતાની મહત્તા સ્થાપિત કરવી.

શિષ્ય : માનવનો કબજો લેવામાં તેમનો હેતુ શો હોય છે?

શ્રી અરવિન્દ : ભૌતિક જગત ઉપર પોતાનો પ્રભાવ પાડવો અથવા ગંમત ખાતર અથવા પૂજાઇને અહંકાર પોષવો અને છેલ્લે પ્રાણશક્તિનું ભૌતિક સ્તરે પ્રગટીકરણ દા.ત. રોગ મટાડવા, અથવા પ્રાણમય આવેગોનો સંતોષ મેળવવા. બળવાન પ્રાણમય-સત્ત્વો અને મનોમય-સત્ત્વો (અસુરો) ભૌતિક દેહ ધારણ કર્યા વગર શક્તિનો પ્રભાવ પાડી શકે છે. તેઓ શક્તિમાં વધારાનાને જ ઉત્ક્રાંતિ માને છે. થિઓ એમ માનતો હતો કે જે સત્ત્વ ભૌતિક દેહ ધારણ કરે છે તે કાલાંતરે રૂપાંતર પામવાની સંમતિ આપે છે.

શિષ્ય : તેઓ પોતાની પ્રાણમય પ્રકૃતિ ત્યાગે છે?

શ્રી અરવિન્દ : ના, તેઓ પ્રાણમય સત્ત્વ જ રહે છે પણ પ્રાણને શુદ્ધ કરવાનું સ્વીકારે છે અને મિથ્યાભિમાન વગેરે છોડે છે.

શિષ્ય : માનવ વળગાડ પછી પોતાની સ્વસ્થતા પ્રાપ્ત કરી શકે છે?

શ્રી અરવિન્દ : તેનો ચૈત્યપુરુષ મૂર્છા ન પામે ત્યાં સુધી શક્યતા જરૂર છે.

શિષ્ય : આ સત્ત્વો માનસિક-શક્તિઓને પકડમાં લઇ શકે છે?

શ્રી અરવિન્દ : હા, તેવી પણ શક્યતા તો છે જ. કારણ મન પસંદગીને અનુસરે છે, શુદ્ધ તર્કને નહીં.


## SPONSORSHIP

**This issue is sponsored by a devoted loving daughter of the Mother and Shri Aurovindo, who wants to be totally unknown to the world.**

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## વૈદિક શિક્ષણ પદ્ધતિ

પ્રકરણ-૪૫ (તૈતરેયઉપનિષદ-૨)

તૈતરીય ઉપનિષદનાં ઉત્પત્તિની કથા એવી છે કે યાજ્ઞવલ્કયને પોતાના ગુરુ સાથે રાજાની ગુલામી કરવા બાબત વાંધો પડતા ગુરુએ પોતાની વિદ્યા પાછી માંગી લીધી. યાજ્ઞવલ્કયે તે બધી વિદ્યાઓ ઓકી નાંખી, પણ તે ગુરુનાં અન્ય શિષ્યોને યાજ્ઞવલ્કયની ભૂમિકા સાચી લાગી. તેથી તેમણે યાજ્ઞવલ્કયની ઓકેલી વિદ્યા તેતર બનીને ખાઇ લીધી. તેમને જે સમજણ મળી તે તૈતરીય ઉપનિષદ.

આ આખ્યાયિકાનું રહસ્ય એ છે કે યાજ્ઞવલ્કય પોતાને મળતું જ્ઞાન તમાલ પત્ર ઉપર પ્રશ્નોત્તર રૂપે સંક્ષિપ્તમાં લખી રાખતા. અચાનક ગુરુ સાથે વાંધો પડતા તેમણે તે પોથીઓ ત્યાં જ મૂકીને ચાલ્યા ગયા. અન્ય શિષ્યોએ તેનો ઉપયોગ કરવા માંડ્યો. તે જ તૈતરીય ઉપનિષદ.

આ ઉપનિષદમાં ત્રણ વલ્લી (અધ્યાય) છે. શિક્ષાવલ્લી, બ્રહ્માનંદવલ્લી, ભૃગુવલ્લી. પ્રથમ વલ્લીમાં બાર, બીજી વલ્લીમાં તેર અને ત્રીજી વલ્લીમાં દસ પ્રશ્નોનાં જવાબ આપેલાં છે. પ્રશ્ન અને જવાબ મળીને જે ઉપકરણ થાય છે તેને 'અનુવાક્' કહે છે.

શિક્ષાવલ્લીમાં શિક્ષણનો મુખ્ય હેતુ 'શમ્' કહ્યો છે. હાલના જીવનમાં ભૌતિક અને આધ્યાત્મિક જીવન વચ્ચે વિસંવાદ છે તેનું શમન કરીને ભૌતિક અને આધ્યાત્મિક મંગળમય જીવન વ્યવસ્થા રચવી એ શિક્ષણનો હેતુ યાજ્ઞવલ્કયે દર્શાવેલ છે. જીવનની સાર્થકતા વિશે જણાવ્યું છે કે આદિત્યની નીચેનું જીવન મર્ત્ય છે અને તેની ઉપરનું જીવન અમૃત છે. અર્યમા (અચેતન) જેનું નિયમન થતું નથી તે વરુણ એટલે અવચેતનનો સાગર અને મિત્ર એટલે જાગૃત મન તેમની પાછળ રહેલી દિવ્ય-ચેતના આ મર્ત્ય જીવનને મદદ કરનારાં દેવો છે. તેઓ તમ (અચેતન) અને જ્યોતિ (આત્મપ્રકાશ)ના ધૂપછાંવ નીચે જીવનને વિકસાવે છે.

જ્યારે ઇન્દ્ર (પ્રકાશમય મન), બૃહસ્પતિ (વિશાળતા આપનાર દૈવીશક્તિ) અને વિષ્ણુ (વિશ્વાત્માની ચેતના) આ ત્રણ અમૃત જીવન વિકસાવવાં મદદરૂપ થતાં દેવો છે. દરેક શરીરમાં આ છ દેવો કાર્ય કરતાં જ હોય છે. પ્રાણતત્ત્વ (વાયુ) આ દેવોની સહાયથી જીવન વિકસાવે છે.

આ વ્યક્તિગત અને વૈશ્વિક જગતમાં થતી આધ્યાત્મિક પ્રક્રિયાને ધ્યાનમાં લઇને જ શિક્ષણ પ્રણાલી વિકસાવવી જોઇએ.

હવે શિક્ષણમાં શું ભણાવવાથી શરૂઆત કરવી તેનો જવાબ આપે છે. વિષયને 'શીર્ષ' કહેવાય છે. (દા.ત. ગણેશ અર્થવીશીર્ષ) વર્ણોનું (અક્ષર) જ્ઞાન આપવું તેને વર્ણસમામ્નાય કહે છે અથવા બ્રહ્મરાશિ કહે છે. સમામ્નાય અથવા રાશિ એટલે સમૂહ. અક્ષરો પણ બ્રહ્મતત્ત્વનો જ આવિર્ભાવ છે એ ભાવ આમાં રહેલો છે. બીજો વિષય 'સ્વર' છે. ત્રીજો વિષય માત્રા (હ્રસ્વ-દીર્ઘ વગેરે). ચોથો વિષય ઉચ્ચારણ-શાસ્ત્ર છે. પાંચમો વિષય સામ છે અર્થાત્ વાક્યોનું તાલબદ્ધ ઉચ્ચારણ (speech delivery). છઠ્ઠો વિષય સંતાન અર્થાત્ સંધિ કેવી રીતે કરવી તે છે. શિક્ષા-વેદાંગનાં આ 'ષડંગ' છે. આથી સ્પષ્ટ, સહજ અને લયબદ્ધ રીતે ભાષા બોલવાનું, વાંચવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે; જે વેદાધ્યન માટે જરૂરી છે.

વેદોનું અર્થઘટન : બીજા અનુવાદમાં વેદોના વિચારોનો પાંચ દૃષ્ટિકોણથી જે વધારે ને વધારે ગૂઢ અર્થ નીકળતો જાય છે તેનું વિવેચન છે. જગત તરફ જોવાની દૃષ્ટિ અથવા દર્શન ઉપરથી આ અર્થો નિષ્પન્ન થતા હોય છે. પાંચ દૃષ્ટિઓ નીચે મુજબની છે : (૧) અધિલોક (૨) અધિજ્યોતિષ (૩) અધિવિદ્ય (૪) અધિપ્રજ (૫) અધ્યાત્મ. વૈદિક વિચારને સાંગોપાંગ સમજવા આ પાંચે દૃષ્ટિ વાપરવી જરૂરી છે. હવે દરેક દૃષ્ટિની વિશેષતા જોઇએ :

(૧) **અધિલોક :** બ્રહ્માંડને પૃથ્વીલોક, અંતરિક્ષ લોક અને દ્યૌલોકનાં વિવિધ સ્તરો સમજીને સમજણ આપવી. ભૌતિક સૃષ્ટિ, માનસિક સૃષ્ટિ અને અધ્યાત્મિક સૃષ્ટિ. આ ત્રણે લોકોનો ક્રમશઃ અર્થ છે. આ ત્રણે સૃષ્ટિ વ્યક્તિ અને વિશ્વ બન્નેનાં સ્વરૂપમાં છે જ. વ્યક્તિની સૃષ્ટિ એ વૈશ્વિક સૃષ્ટિનો એક અંશમાત્ર હોય છે અને તે અંશને કારણે જ આપણે જે તે સૃષ્ટિ સાથે સંપર્કમાં આવીએ છીએ.

પૃથ્વી એ માતૃત્વ છે, દ્યૌ એ પિતૃત્વ. અંતરિક્ષ એ બન્નેનું જોડાણ છે. વૈદિક

ઋષિઓ સૃષ્ટિની રચના આ રીતે સમજાવતાં હતાં.

(૨) **અધિજ્યોતિષ :** ઉપરનાં ત્રણ લોકનાં ત્રણ પ્રકાશ-સ્વરૂપ અગ્નિ છે જેને ક્રમશઃ અગ્નિ, વાયુ અને આદિત્ય કહે છે. જ્યોતિષ એટલે પ્રકાશ. અધિ એટલે તેને લગતું જ્ઞાન. આ ત્રણ અગ્નિને જ 'ત્રિણિ જ્યોતિષી' અથવા ત્રિરોચના કહે છે. 'રોચન' એટલે પ્રકાશ. વેદોનુસાર વૈશ્વાનર અગ્નિ અથવા પ્રાણાગ્નિના ત્રણ ભાગ પડે છે, જેને પ્રાણ, અપાન્ અને વ્યાન કહે છે. પ્રાણ અને અપાન આ બે ધ્રુવો છે (ધન અને ત્રણ વિદ્યુતનાં) તેમની વચ્ચે પ્રાણથી અપાન અને અપાન્‌થી પ્રાણ વચ્ચે આ પ્રકાશ ગતિ કરતો હોય છે. તેને કારણે જ પ્રકાશ અભિવ્યક્ત થાય છે (અન્તશ્ચરતિ રોચનાસ્ય પ્રાણાદપાનતિ (ઋક્ ૧-૧૮૮-૨) વૈદિક સમગ્ર દેવવિદ્યા આ અધિજ્યોતિષ દૃષ્ટિની જ છે. કારણ 'અગ્નિઃ સર્વાઃ દેવતાઃ' અગ્નિ જ સર્વે દેવો છે.

(૩) **અધિવિદ્ય** : આમાં બ્રહ્મવિદ્યાને લગતું જ્ઞાન અપાય છે. ગુરુમાં વિજ્ઞાનશક્તિ છે. શિષ્યમાં શ્રદ્ધાશક્તિ. બન્નેના સંયોગથી 'વિદ્યા' પ્રગટ થાય છે. ઉપનિષદોમાં કહેલી સંવર્ગવિદ્યા, વૈશ્વાનરવિદ્યા, રથવિદ્યા વગેરે બધી આધ્યાત્મિક વિદ્યાઓ ઉપરાંત ભૌતિક જીવનમાં ઉપયોગી એવી અશ્વવિદ્યા, ગો-વિદ્યા, ચક્ર-વિદ્યા, ધનુષ્ય-વિદ્યા; આ બધી અપરા-વિદ્યાઓનો પણ સમાવેશ થાય છે. કુલવિદ્યા ચોસઠ છે.

(૪) **અધિપ્રજ :** પ્રજનનશાસ્ત્ર અર્થાત્ જીવવિજ્ઞાન આ તેનો વિષય છે. દ્યાવા-પૃથ્વીની સમજણ માટે પણ આ દૃષ્ટિ વપરાય છે.

(૫) **અધ્યાત્મ :** આ આત્મશાસ્ત્ર છે અને તેનો મૂળ સિદ્ધાંત છે 'યથા પિંડે તથા બ્રહ્માંડે' જે વ્યક્તિ સ્વરૂપમાં છે તે જ વિશ્વસ્વરૂપમાં છે. આત્મભાવ અર્થાત્ સ્વ-ભાવ એ જ અધ્યાત્મ છે (સ્વભાવોડધ્યાત્મઉચ્યતે ગીતા-૮-૩)

આ પાંચને પ્રમુખતઃ ત્રણ દૃષ્ટિકોણમાં સમાવેશ કરાય છે. અધિભૂત, અધિદૈવત અને અધ્યાત્મ. ઘણા વૈદિકો ચારમાં વહેંચે છે - વેદવિદ્યા, સૃષ્ટિવિદ્યા, દેવવિદ્યા, આત્મવિદ્યા. (ક્રમશઃ)

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

# દિવ્યપૂર્ણતા

(પુસ્તિકા પૃ.૭-૧૩)    પ્રકરણ - ૩

## સાધના પથ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

### અપરાનું પરાપ્રકૃતિમાં રૂપાંતર

આપણી અશુદ્ધ પ્રકૃતિને અપરા પ્રકૃતિ કહેવામાં આવે છે. અપરા પ્રકૃતિ ધીમે ધીમે શુદ્ધ થઈ પરા અર્થાત્ શ્રેષ્ઠ પ્રકૃતિમાં રૂપાંતરિત થાય છે. આ સમગ્ર પ્રક્રિયાને જ રૂપાંતર કહેવામાં આવે છે,

### અખૂટ શ્રદ્ધા અને નિષ્ઠા

આ કાર્યમાં આપણી ઉપરોક્ત ક્ષમતાઓને વધારે તીવ્ર અને સૂક્ષ્મ બનાવવા સાધકે સતત પોતામાં એક શ્રદ્ધાને કે ભાવને જાગૃત કરવો પડે છે. દા.ત. ''પ્રભુની શક્તિ અનંત છે, અપરિમિત છે, દિવ્ય છે. તેનું જ્ઞાન પૂર્ણ છે, તેથી ભૂલ કરતી જ નથી. તે અચૂક છે. તે જે કરી રહી છે તે જરૂરી છે અને મારા હિતમાં છે. પ્રભુ મારી નિતાંત કાળજી લઇ રહ્યાં છે અને મારી સાધનાને કેળવીને દિશા આપી રહ્યાં છે. તે જ મારાં યોગની ક્ષેમ કુશળતાની કાળજી લઇ રહ્યાં છે. મારું યોગ-ક્ષેમ વહન કરી રહ્યાં છે.''

### સાધનાની વિશિષ્ઠતા

આ સાધના ટૂંકા ગાળાની હોતી જ નથી. તે અવરોધ વગરની પણ હોતી નથી. તેનું સાધકને ચોક્કસ માર્ગદર્શન પહેલેથી જ અપાતું પણ હોતું નથી. પ્રસંગોપાત માર્ગદર્શન મળતું રહે છે, કારણ ખોટી પૂર્વધારણા બાંધીને આપણે સાધનામાં અવરોધોમાં વધારો ન કરી બેસીએ તેની તે અગમચેતી સ્વરૂપ હોય છે.

### સાધનાની ત્રણ ભૂમિકાઓ

આ અખંડ સાધના ચાલતી હોય છે ત્યારે તેની એક પછી એક ત્રણ ભૂમિકાઓ

રચાતી દેખાય છે, જે નીચે મુજબની છે :

૧ સાધક પ્રભુ સાથે સંબંધ બાંધવાનો પ્રયત્ન કરે છે.

૨ પ્રભુ પોતે સાધકના અંતકરણ સાથે સંબંધ સ્થાપી તેની દ્વારા પ્રકૃતિના બધાં જ કરણોને દિવ્ય કરવાનું કાર્ય આરંભે છે.

૩ પરિણામ સ્વરૂપે અપરાપ્રકૃતિ પરાપ્રકૃતિમાં રૂપાંતર પામે છે.

**સાધનાનું ચાલક - બળ**

આ સમગ્ર પ્રક્રિયાનું ચાલક-બળ પ્રભુનું જ બળ હોય છે, જે શરૂઆતમાં પડદા પાછળ રહીને કાર્ય કરે છે. પછી પ્રકટ રીતે અને પ્રત્યક્ષ રીતે. તે જ કપરી સાધનામાં શ્રદ્ધા, હિંમત, સહિષ્ણુતા (ધીરજ) વિકસાવે છે. તે જ સાધના બાબત આંધળાને દૃષ્ટિ અને પાંગળાને પર્વત ઓળંગવાની ક્ષમતા આપે છે. બુદ્ધિમાં સત્ય બાબત સમજણ આપે છે. હૃદયમાં ખાતરી આપે છે. મહાકાળીથી સંરક્ષણ આપે છે અને અવરોધો ભાંગે છે. સૂર્ય તરીકે અજ્ઞાન-તિમિરનો નાશ કરે છે. સાધનાપંથ અજવાળે છે. સાધનાપંથ અઘરો છે પણ તેનો અત્યૂચ્ચ અને વિશાલ હેતુ જોતા તે પ્રમાણમાં સહેલો છે.

**દિવ્યશક્તિઓનાં કાર્યનાં લક્ષણો**

દિવ્ય - પ્રકૃતિની શક્તિઓ આપણી અશુદ્ધ પ્રકૃતિ ઉપર જ્યારે કાર્ય કરે છે ત્યારે તેનાં ત્રણ લક્ષણો પ્રકટ થાય છે :

(૧) તે પ્રચલિત યોગ-પદ્ધતિઓ અનુસાર જ કાર્ય કરતી નથી પણ સાધકની પ્રકૃતિમાંના અવરોધોને ધ્યાનમાં લઈ પોતાની રીતે પ્રાથમિકતા આપી સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. પ્રથમ તે પ્રયત્નો છૂટાછવાયા જણાય છે. ખરેખર તે સાધકની પ્રકૃતિમાં સપાટી ઉપર કાર્ય કરે છે ત્યારે સાધક તે બાબત સભાન બને છે પણ આંતરિક સ્તરે કાર્ય કરવા ડૂબકી મારી ત્યાં કાર્ય કરે છે ત્યારે સાધક તે બાબત જોતો નથી તેથી તે કાર્ય ત્રુટક ત્રુટક લાગે છે. વળી સાધકની પ્રકૃતિ જો દબાણ ન સહન કરે તો કોઈ વખત દબાણ હટાવી પણ લે છે. પણ જેમ સાધકની ક્ષમતા વધતી જાય છે તેમ આ કાર્ય અખંડ થતું લાગે છે. કાર્ય દરમિયાન અનુકૂળ પ્રકૃતિ-રચનાનો ઉપયોગ, પ્રતિકૂળ પ્રકૃતિ-રચનાને નિષ્ક્રિય કરવી અથવા બદલાવી શાંત પાડવી.

પ્રકૃતિમાં શાંતિ, શુદ્ધિની સ્થાપના, પ્રકૃતિમાં પ્રકાશ અને સભાનતાની સ્થાપના. આવી વિવિધ પ્રક્રિયાઓ સર્વ સાધારણ રીતે જોવા મળે છે. સારાંશ, પૂર્ણયોગમાં દરેક સાધકની સાધના પદ્ધતિ અલગ ખાસ પ્રકારની તેના પ્રકૃતિને અનુરૂપ અને સ્વતંત્ર હોય છે. પૂર્ણયોગની સાધનામાં ક્રિયાકાંડ હોતું નથી. પણ કોઈ સાધક ક્રિયાકાંડ સાથે પોતાની સાધનાનો સમન્વય કરી આગળ વધવા માંગે તો પૂર્ણયોગને તેનો વિરોધી પણ નથી.

(૨) બીજી વિશેષતા એ છે કે, ભૂતકાળનાં કર્મોના સંસ્કારને લીધે ગઠિત થએલી સાધકની પ્રકૃતિને પૂર્ણયોગ સમગ્ર રીતે સ્વીકારે છે. કોઈ તત્ત્વને બાકાત રાખવા માંગતો નથી. દરેક તત્ત્વને પ્રભુના કાર્યના કરણરૂપ કરવાનો જ પૂર્ણયોગ પ્રયત્ન કરે છે. પ્રકૃતિમાંની અપૂર્ણતાઓ એ દૈવી પ્રકૃતિનો આપણી અશુદ્ધ પ્રકૃતિમાં પડેલું ઊંધું પ્રતિબિંબ માત્ર છે. આપણી પ્રકૃતિ શુદ્ધ થતાં તે પોતાની મેળે સીધું થઈ જાય છે. જેમ અરીસો પગ નીચે હોય તો આપણું ઊંધું પ્રતિબિંબ પડે છે પણ સામે હોય તો સીધું પડવા માંડે છે તેવી આ ઘટના છે. અશુદ્ધ પ્રકૃતિને સાધના દરમિયાન દિવ્ય ઘાટ આપવામાં આવે છે. વૈદિક ઋષિઓ એક મંત્રમાં જણાવે છે કે તેઓ લુહારની જેમ અશુદ્ધ પ્રકૃતિરૂપી કાચા લોઢાને તપશ્ચર્યાના એરણ ઉપર ઘડીને દેવતાઓને ઘડે છે. આ મંત્રનું આ રહસ્ય છે.

(૩) પૂર્ણયોગની ત્રીજી વિશેષતા એ છે કે તે જીવનનાં એકેએક કાર્યનો પોતાની રીતે ઉપયોગ કરે છે. તેમાં બાહ્ય ઇન્દ્રિયોનું કાર્ય, તેમને થતા અનુભવો, સારી નરસા વિચારો, ભાવનાઓ, સંવેદનો, સંસ્કારો, કર્મો, સુખ અને દુઃખ, દોષો, ગુણો બધાંનો જ પૂર્ણતા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. આને કારણે પ્રભુની કાર્ય-પદ્ધતિની આપણને ઝાંખી થવા માંડે છે. તે આપણને અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, અભાનતામાંથી સભાનતા તરફ, નિર્બળતામાંથી સબળતા તરફ, જડતામાંથી સૂક્ષ્મ સંવેદનો તરફ કેવી રીતે દોરી જઈ રહ્યાં છે, તે આપણે સમજી શકીએ છીએ. તે જ અપરા અને પરા પ્રકૃતિમાં કાર્ય કરતો જણાય છે. આ બાબત સભાન બનવું એ જ 'યોગ' છે. વ્યક્તિ અને વૈશ્વિક સ્તરે આ યોગ જે છૂટોછવાયો દેખાય છે. તેમને સુવ્યવસ્થિત અને સમગ્ર રીતે સમજવો એ જ પૂર્ણયોગ છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૪૮) - પ્રકરણ-૨૩

## સત્યચેતનામાં માનવી-સમજણો ખરી પડે છે

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**ક્રિશ્ચિયનો અને વૈષ્ણવો ક્ષમાના તત્ત્વની બહુ પ્રસંશા કરે છે, પણ હું તો પૂછું છું કે મારે શાની ક્ષમા આપવાની છે અને કોને ? (૧૯)**

* * * * *

''માતાજી, આપણે પ્રભુ પાસે ક્ષમા માગીએ તો શું તે આપે છે ?''

''બેટા, શ્રી અરવિન્દ તેનો જ જવાબ આપી રહ્યાં છે. પ્રભુ જાણે છે કે વિશ્વમાં તેમના સિવાય કોઇ નથી. તેઓ બધું જ છે, તેઓ જ બધાં કાર્ય કરે છે. બધા પદાર્થ પોતે જ છે. હવે તે કોને ક્ષમા આપે ? પોતે પોતાને જ ને ?

આપણે પોતાને ભગવાનથી જુદા ગણીએ છીએ. ભગવાનને આપણાથી જુદા ગણીએ છીએ. ખરેખર તેમ નથી. પ્રભુના જ અંશ તરીકે આપણે પ્રભુના કાર્યમાં સહભાગી થવાનું છે. આપણે એટલું જ કરી શકીએ કે પ્રભુ જે પૂર્ણ છે તે પોતાના અંશ તરફ, આપણી તરફ, તે કાર્ય માટે શક્તિનો પ્રવાહ મોકલે જેથી તેમનું કામ પૂરું થાય.

આપણે જ્યારે પ્રભુ પાસે ક્ષમા માગીએ છીએ ત્યારે આપણે પ્રભુથી વિખૂટાં પડી ગએલાં હોઈએ છીએ અને તેથી પોતે નબળાં પડી ગયાં છે એમ આપણને લાગે છે. આ પણ ચેતનાની એક અવસ્થા છે. પણ આ અંતિમ અવસ્થા નથી. આની ઉપર વધારે પ્રગત ચેતનાના તબક્કા છે.

ક્રિશ્ચિયનો અને વૈષ્ણવો પ્રભુ સાથેના તાદાત્મ્યને માનતા નથી, તેથી તેઓ કોઇ આપણને અન્યાય કરે તો તેને ક્ષમા આપવાનું કહે છે. પણ એક વખત તમે પ્રભુ સાથે એકરૂપ થઇ જાઓ તો પછી ક્ષમા માગવી કે આપવી એવા ભાવ રહેતા નથી. પછી રહે છે એવા ભાવ જેમાં આપણે આપણી ભૂલ સુધારી લેવા પ્રયત્ન કરીએ છીએ. કરેલી ભૂલના ખરાબ પરિણામ ન આવે તેની તકેદારી લઈએ છીએ.

વ્યવહારમાં જે મહાન ગુણો કહેવાય છે તે આધ્યાત્મિક ચેતનામાં નવો જ અર્થ પ્રાપ્ત કરે છે. તેમનો પહેલાનો માનવીઅર્થ રહેતો નથી. જે પ્રભુના મૂળ સ્વભાવને અર્થાત્ પોતાના જ આત્મતત્ત્વને પ્રગટ કરે તે ત્યાં ગુણ છે. જે તેને રોકે તે અવગુણ છે અને આમાં આપણે પ્રભુ સાથે એકરૂપ થઈને જ આ વાત અનુભવીએ છીએ. આ જ ભાવ જુઓ સૂત્ર ૨૦-૨૧માં જુદી રીતે શ્રી અરવિન્દે વ્યક્ત કર્યો છે :

**''પ્રભુએ મને માણસના હાથ વડે ફટકો માર્યો, તો શું હું એમ કહીશ કે ઓ પ્રભુ તારી ઉદ્ધતાઈ હું માફ કરું છું.''** (૨૦)

**''પ્રભુએ મને એક ફટકો મારી મારું ભલું કર્યું. શું હું એમ કહીશ કે હે સર્વશક્તિમાન પ્રભુ, તેં કરેલું નુકસાન અને ક્રૂરતા હું તને માફ કરું છું ? પણ ફરીથી એવું ન કરીશ.''**(૨૧)

દુર્ભાગ્યની ક્ષણ આપણને આકરી લાગે છે, ખરાબ લાગે છે, આપત્તિ લાગે છે. પણ વર્ષો વીત્યાં બાદ તેને લીધે જીવનમાં જે એક શુભ વળાંક આવેલો હોય છે, તે જોતાં તે ઘટના આપણને જાણે સદ્ભાગ્યના રસ્તે વાળવા માટે જ નિર્માણ કરી હોય એવું લાગે છે. આપણું અજ્ઞાન અને મૂર્ખતા આપણને સ્પષ્ટ સમજાય છે. બીજું, પ્રભુ કાંઈ પોતે આવીને ફટકા મારતા નથી પણ કોઈને નિમિત્ત બનાવે છે. તે નિમિત્ત પણ પ્રભુનું જ એકરૂપ હોય છે. એ સમજાય તો પેલા નિમિત્ત બનેલી વ્યક્તિ બાબત આપણને જરા પણ ક્રોધ કે ઘૃણા નહિ જન્મે. પ્રભુનું દરેક કાર્ય કલ્યાણકારી જ હોય છે એ બાબત ઉપર આપણે સાધક તરીકે નિતાંત શ્રદ્ધા રાખવી જરૂરી છે.

તેથી તેમણે પરમકૃપાથી કોઈ શિક્ષા કર્યા જેવું લાગતું હોય તો પણ તેમને માનવીભાવનાથી ક્ષમા આપવાની વાત આવતી જ નથી. તેને બદલે કૃતઘ્નતા જ વ્યક્ત કરવી જરૂરી છે.

પણ માનવને પોતાના દુભાગ્યનો દોષ બીજાના માથે ઢોળવાની ટેવ છે. તેમ જ પ્રભુના કલ્યાણકારી પગલાંને શાશ્વત મૂર્ખની જેમ વખોડવાની ટેવ છે. શ્રી અરવિન્દ પોતાના વિચાર-સૂત્ર ૨૨માં આ જ વાત કરે છે :

**''મારા પર જ્યારે દુર્ભાગ્ય આવી પડે છે અને હું દુઃખી થાઉં છું અને તેને અનિષ્ટ ગણું છું અથવા તો મને ઈર્ષા અને નિરાશા થાય છે ત્યારે મને જણાય છે કે મારી અંદર પેલો શાશ્વત મૂર્ખ જાગૃત બન્યો છે''** (૨૨)

માણસને અનેક વખત પ્રભુકૃપાનો અનુભવ આવવા છતાં તે તેમને સમજી જ શકતો નથી.

# સુંદર કથાઓ

- માતાજી

## માતૃ-પ્રેમ

(પૃ.૧૬૭-૧૬૯)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

હિમાલયનું જંગલ. તેમાં હાથીનું એક ટોળું રહે. તેનો રાજા એક ધોળો હાથી હતો. તે કહે તેમ ટોળું માને. તેની એક મા હતી. પણ તે આંધળી હતી. તેને તે એક ગુફામાં રાખતો. રોજેરોજ પોતાના ટોળામાંના બે હાથી મારફત ફળો મોકલતો. તેને પોતાની મા ખૂબ જ પ્રિય હતી.

પણ પેલા બન્ને હાથી બેઈમાન હતાં. તેઓ રસ્તામાં ફળો ખાઈ જતાં અને રાજમાતાને ઘાંસ લાવી ખવરાવતા. તોય આંધળી મા આનંદમાં રહેતી.

ધોળા રાજાને બન્ને હાથીની બેઈમાની સમજાઈ ગઈ. તે નારાજ થઈને માને સાથે લઈ ટોળું છોડી ચંડોરાણા પર્વત તરફ નીકળી પડ્યો. તે પર્વતમાં એક મોટી ગુફા શોધી કાઢી તેમાં મા સાથે રહેવા લાગ્યો. રોજ મા માટે ફળફળાદિ લાવે. બન્ને આનંદમાં જીવતા હતાં.

એક દિવસ વટેમાર્ગુ તે જંગલમાં ભૂલો પડ્યો. બે ત્રણ દિવસ ભૂખ્યો-તરસ્યો ભટકતો રહ્યો. સારા નસીબે તે આ ધોળા રાજાની ગુફામાં આવી ચડ્યો. ધોળા રાજાને તેની દયા આવી. તેણે તેને ખાવા ફળ આપ્યાં. પીઠ ઉપર બેસાડી મુખ્ય રસ્તે જઈ છોડી આવ્યો.

તે માણસ લોભીયો હતો. તેણે વિચાર કર્યો આ ધોળો હાથી રાજાને મેળવી આપીશ, તો હું માલામાલ થઈ જઈશ. તેણે રાજાને વાત કરી. રાજાએ તે માણસના નેતૃત્વ નીચે ધોળા હાથીને પકડી મંગાવ્યો. રાજાને તે ગમી ગયો. રાજાએ તેની સાથે મૈત્રી કરી પણ તે તો રોતો જ રહ્યો. અંતે, રાજાએ તેનું દુઃખ જાણી લીધું અને તેને છોડી મૂક્યો. પેલા માણસને કેદ કર્યો. ધોળો હાથી મા પાસે પહોંચી ગયો. ફરી બન્ને આનંદમાં રહેવા લાગ્યાં. અંતે બન્ને મૃત્યુ પામ્યાં, રાજાએ ધોળા હાથીની સંગમરવરી મૂર્તિ કરી અને દર વર્ષે તેના સ્મરણમાં ઉત્સવ ઉજવ્યો.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૯૫-૨૦૮)

પ્રકરણ - ૩૦ **અવતરણો**

# દિવ્યશક્તિ દ્વારા રોગ-નિવારણ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 It is the doctor who heals and not his medicines. P.195

2 One of the most important is doctor's optimism and self - confidence. P.195

3 To go from one doctor to another is the same mistake as to go from one Gruru to another. It is the confidence in the doctor that is most important. P.195

4 Ill ness is only a wrong attitude taken by some parts of the body. P.196

5 (The doctor) He should do it in reliance on the Divine Grace and the Divine will. P.197

6 It is not the Force ceases to act and leaves all to the medicine - it will continue to act through the consciousness..... on the resistance of the body. P.198

7 This is a world of play of forces, and the Doctor is a force. P.198

8 The Force can develop in your initiation and skill if you are sufficiently open. P.199

9 The right medicine is helpful, if there is a gross error in the treatment..... then the Force has to fight that as well as illness. P.200

10 Any man can be an instrument of the Divine..... The thing is to be a perfect conscious instrument. P.200

11 The first requisite of being a "Medium" of force - a man of vital push, self confidence, abounding enthusiasm and energy..... such men are the best instruments..... for successful action..... Next..... a man with a great power .... inducting auto - suggestions..... Third..... the power of conveying.... to other being..... Forth..... the most adventurous and decisive in their methods..... that's the secret of powerful instrumentalism..... at least in a rajasic - man. P.202

12 The Satwik man would have less vital rush, more balance, harmony, .... he would be more quietly sure.

13 It meets in so doing a certain opposition, many of the forces already in

operation. (1) The power of the Force itself (2) The instrument (ie Doctor) (3) The instrumentation

14 The surrounding, especially the people around the patient are of considerable importance. P.203

15 There are three ways of doing that

(1) By putting the Force without knowing or caring.

(2) To follow the symptoms and act on them even if not sure of disease.

(3) It needs diagnosis (before putting Force)

16 (1) The Force is a divine Force..... it can apply it self in any direction (ie way)

(2) The Force is not mental - Force - He can send the Force (mentally)..... Leave it to do its work

(3) The perfectioning of the instrument.

(4) The communicant need not be an all-round many-sided Encyclopedia (ie of knowledge). P.205

17 If you want to reduce things to patterns and formulas, you will fail to understand the working of a spiritual Force. P.205

18 Either entire collaboration or complete passivity. There are two conditions for a cure. P.206

19 New Lights and Powers have to be brought down in her (Nature) and made Part of the conscious earth - consciousness. P.208

ડૉક્ટરો પણ હવે કહે છે કે દવા કરતા પણ ડૉક્ટર ઉપરનો પેશંટનો વિશ્વાસ જ પેશંટને સારો કરી દે છે. અર્થાત્ ડૉક્ટરો ઉપર વિશ્વાસ બેસવો તે માટે ડૉક્ટરમાં અદમ્ય આશા અને પોતાની ટ્રીટમેન્ટમાં પૂરેપૂરો વિશ્વાસ હોવો જરૂરી છે. લોકો વારંવાર ડૉક્ટરો બદલે છે, તેથી તેમનો ડૉક્ટરો ઉપરનો વિશ્વાસ અને શ્રદ્ધા પાકા થતાં જ નથી, જે તેને રોગ-મુક્ત થવામાં અવરોધ નિર્માણ કરે છે. જેમ ગુરુ વારંવાર બદલવા સારું નથી તેવી જ આ વાત છે.

રોગનિર્માણ થવામાં શરીરના અમુક ભાગમાંના કોષોનો નિરાશાવાદ અથવા ડર કારણીભૂત બની જાય છે. તે નિરાશાને ડૉક્ટરનું વર્તન, દેખાવ અને વાણી ખંખેરી નાખી શકે છે. ડૉક્ટર ઉદાર મનોવૃત્તિનો હોય, વિશાળ હૃદય ધરાવતો હોય, પૈસાને મહત્ત્વ ન આપતા નિસ્વાર્થભાવે સેવા આપતો હોય. પોતાના નિર્ણયો સમજી-વિચારીને લઇ તે બાબતમાં નિશ્ચિત હોય. તેમાં થાક-કંટાળા વગરનો સતત ઉત્સાહ દેખાતો હોય અને પોતાના પ્રોફેશન બાબત આદર્શવાદ હોય તો તે એક પૂર્ણ ડૉક્ટર કહી શકાય. તેમાં પણ તેને પ્રભુ ઉપરની

શ્રદ્ધા સાથે કામ કરતો હોય તો તે સોનામાં સુગંધ છે. પ્રભુની કૃપા માટે બધું જ શક્ય છે એવી તેને દૃઢ શ્રદ્ધા હોવી જોઈએ. કોઈ વખત દિવ્ય-શક્તિ જાણે મદદે આવતી નથી એમ લાગે છે પણ તે વાસ્તવિકતા હોતી નથી. પ્રભુકૃપા તો સતત પોતાનું કાર્ય કરતી જ હોય છે પણ તે વ્યક્તિનાં કોષો તે પ્રત્યે સંવેદનશીલ ન હોવાથી તેના પરિણામો દેખાતા હોતાં નથી. પણ તે ત્યારે પણ તેમને સંવેદનશીલ બનાવવા મથતી તો હોય જ છે અને સાથે સાથે વ્યક્તિની ચેતનામાં ઉઘાડ લાવી તેની દ્વારા પરિણામ નિપજાવવા કાર્ય કરતી હોય છે.

જગત એ અનેક શક્તિઓના સહકાર, સંઘર્ષનું એક સ્થળ છે. તેથી દિવ્ય-શક્તિને અનેક દિશામાં પોતાનો પ્રભાવ પાડીને પોતાનો માર્ગ ચાતરવો પડે છે. ડૉક્ટર મારફત પણ એક શક્તિ પોતાનું કાર્ય કરતી જ હોય છે. જો ડૉક્ટર દિવ્ય-શક્તિ પ્રત્યે ઉઘાડ રાખે તો તેને આંતરપ્રેરણાથી જ કઈ ટ્રીટમેન્ટ આપવી તેનું માર્ગદર્શન મળી શકે છે. સાચી સારવાર તેને તેમાં મદદરૂપ બને છે. આથી ઊલટું ખોટી ટ્રીટમેન્ટ તેની દ્વારા કામ કરતી શક્તિને બે બાજુએ લડવું પડે છે- દવાના ખોટા પરિણામો રોકવાં અને વ્યક્તિને સાજા કરવા. પણ ડોક્ટર જો પોતાની મારફત કામ કરતી શક્તિ બાબત સભાન હોય તો તે જલદી કામ કરી શકે છે.

રાજસી પ્રકૃતિ ધરાવતી વ્યક્તિ દિવ્ય-શક્તિનો વાહક બની શકે જો તેમાં નીચેના ગુણો હોય :

(૧) પ્રાણમય મજબૂત શક્તિ જે સતત તેને કાર્યદક્ષ બનાવે છે, પૂર્ણ આત્મવિશ્વાસ, અક્ષય ઉત્સાહ અને હકારાત્મક વિચારો.

(૨) સામેની વ્યક્તિને સ્વયં-સૂચનો દ્વારા પ્રભાવિત કરવાની ક્ષમતા.

(૩) પોતાના વિચારોને બીજાને સ્વીકૃત કરાવવાની કળા.

(૪) પોતાની ટ્રીટમેન્ટ બાબત સાહસિક અને તત્કાળ નિર્ણય લેવાની ક્ષમતા.

આવી વ્યક્તિ દિવ્ય-શક્તિનું સરસ માધ્યમ બને છે. સાત્ત્વિક વ્યક્તિ ઘસારો કરતી નથી. સંતુલિત વાત કરે છે, સંવાદમય વાતાવરણમાં રહે છે. શાંત, સ્વસ્થ અને સ્થિર રહે છે.

દિવ્ય-શક્તિ અસફળ થતી લાગે છે, કારણ તેને પ્રસ્થાપિત શક્તિઓના વિરોધનો સામનો કરવો પડે છે, તે માટે ત્રણ વસ્તુની તેને જરૂર હોય છે :

(૧) દિવ્ય-શક્તિની પોતાની પ્રખર તીવ્રતા.

(૨) જેની દ્વારા તે કાર્ય કરે છે તે માધ્યમની પૂર્ણતા (ડૉક્ટરની પૂર્ણતા)

(૩) જે સાધન દ્વારા કાર્ય કરે છે તેની ઉપયોગીતા (યોગ્ય દવા). શ્રી અરવિન્દ પોતે તો માધ્યમ કે સાધન વગર સીધી જ દિવ્ય-શક્તિને વ્યક્તિ ઉપર પ્રયોજતા. તે વ્યક્તિના આસપાસના લોકોના વિચારો પણ આમાં મદદરૂપ કે આડખીલીરૂપ બને છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે શક્તિનો ઉપયોગ વ્યક્તિ ત્રણ રીતે કરી શકે છે :

(૧) રોગ જાણ્યા વગર ફક્ત રોગ-નિવારણના સંકલ્પ સાથે દિવ્ય-શક્તિને રોગી તરફ મોકલવી.

(૨) રોગનાં ચિહ્નો જોઈ પણ રોગને નિશ્ચિત રીતે જાણ્યા વગર તે રોગ-ચિહ્નો નષ્ટ કરવાના સંકલ્પથી દિવ્ય-શક્તિને રોગી તરફ મોકલવી.

(૩) નિશ્ચિત રોગ-નિદાન બાદ તે નિશ્ચિત રોગ મટાડવાના સંકલ્પ સાથે દિવ્ય-શક્તિને મોકલવી.

દિવ્ય-શક્તિની નીચેની વિશેષતા આ બાબતમાં ધ્યાનમાં રાખવી જરૂરી છે :

(૧) તે દિવ્ય-શક્તિ હોવાથી તે પોતાની કાર્ય-પદ્ધતિ, દિશા નિશ્ચિત કરવા સ્વતંત્ર હોય છે.

(૨) તે મનોમય શક્તિ નથી, તેથી તેને માટે પૂરેપૂરી વિગતોનો સંકલ્પ કરવાનો જરૂરી નથી.

(૩) દિવ્ય-શક્તિને નિશ્ચિત વ્યક્તિ તરફ મોકલી શકાય છે, પણ તેના કાર્ય વિશે કોઈ સંકલ્પનું બંધન હોતું નથી. તેને પૂર્ણ સ્વતંત્રતા રહે છે.

(૪) જે માધ્યમ દ્વારા તે દિવ્ય-શક્તિ કાર્ય કરે છે તે માધ્યમ સુયોગ્ય હોવું જરૂરી છે.

(૫) શક્તિ મોકલનારને દિવ્ય-શક્તિ જે હેતુ માટે પ્રયોજી છે તે બાબતનું સમગ્ર જ્ઞાન હોવાની જરૂર હોતી નથી.

અર્થાત્ દિવ્ય-શક્તિને કોઈ નિશ્ચિત પદ્ધતિ નથી. કારણ દિવ્ય-શક્તિ તે પદ્ધતિની કાંઈ ગુલામ નથી. પેશંટે તે દિવ્ય-શક્તિને સહકાર આપવો અથવા શાંત તટસ્થ પણ ગ્રહણશીલ રહેવું જરૂરી છે.

સારાંશ, નિસર્ગમાં હજી વિકાસ થઈ રહ્યો છે નવી ચેતનાનો પ્રકાશ અને શક્તિનું પાર્થિવ-ચેતનાના અંશ તરીકે અવતરણ અને સ્થાપન કરવું જરૂરી છે.

## ભયને કેમ જીતવો ?

પ્રકરણ - ૨૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 113-121)

કુદરતે અજ્ઞાની અને અબોધ માનવના જીવનને સુરક્ષિત રાખવા 'ભય'ની કીમિયા વાપરી છે. અસુરક્ષિતતાની ભાવના જ ભય પેદા કરે છે. કોઈ રોગચાળો, કોઈ અકસ્માત, કોઈ અનપેક્ષિત ઘટના આપણા મનમાં ભયનો સંચાર કરે છે. તે ભયને કારણે આપણી રોગપ્રતિકાર શક્તિ જાગૃત થઈને આપણા સંરક્ષણને મજબૂત કરવા પ્રયત્ન કરે છે. આપણે પોતાની વધારે કાળજી લઈએ છીએ.

આજનું માનસશાસ્ત્ર તો એમ કહે છે કે આપણા અવચેતન મનમાં અને ભૌતિક મનમાં સતત કોઈ અનામી ભય ડોકાતો જ અનુભવાય છે.

પણ જેમ ભય આપણી સંરક્ષણ-ક્ષમતાને જાગૃત કરે છે તેમ વધારે પડતો ભય તેને નબળી પણ પાડી દે છે. એ એક કટુ સત્ય છે. ભય જ અકસ્માત, માંદગી અને વિપત્તિઓને નોતરે છે, કારણ તેવા આંદોલનો આસપાસના વાતાવરણમાં હોય જ છે અને ભયને કારણે તેમને આપણા સ્વરૂપમાં સહજ રીતે પ્રવેશ મળી જાય છે. મજૂર વસ્તીનાં બાળકો અજ્ઞાનને કારણે નિર્ભય હોય છે એટલે ગંદગી અને રોગજંતુઓ હોવા છતાં તેઓ માંદા પડતાં નથી.

શ્રી માતાજી જણાવે છે કે ભયને કારણે આપણા સૂક્ષ્મ-શરીર ફરતે જે સંરક્ષણ કવચ હોય છે, તેમાં છીંડા પડે છે અને તેથી વિશ્વપ્રકૃતિમાં રહેલાં તત્ત્વોને આપણા સ્વરૂપમાં સહજ પ્રવેશ મળી જાય છે.

માતાજી ત્રણ પ્રકારના ભય ગણાવે છે. વિચારોને કારણે મનમાં ભય નિર્માણ થાય તો માનસિક ભય કહેવાય છે.

આપણને અણગમતા સંવેદનો થવાથી આપણા સ્વરૂપમાં જે ભયનો સંચાર થાય છે તેને પ્રાણમય ભય કહેવાય છે, ગભરામણ થવી, હૃદયનાં ધબકારા વધી જતા અનુભવવા, શરીરમાં તાવ કે ઠંડીનાં સંવેદનો આવા વિવિધ કારણોથી આ ભય નિર્માણ થતો હોય છે.

શારીરિક - ભયમાં તમારા શરીર ઉપરનું તમારું નિયંત્રણ તમે ખોઇ બેસો છો. હાથ પગ ધ્રૂજવા અથવા નિષ્પ્રાણ બની જવા, મગજ બધિર થઈ જવું. શરીરનું સંતુલન ન જાળવી શકવું. આવા વિવિધ કારણોથી આવો શારીરિક-ભય નિર્માણ થાય છે. સાધારણ રીતે માનસિક અને પ્રાણમય ભયના જાણે પરિણામરૂપે શારીરિક ભય નિર્માણ થતો હોવાથી તેને આપણે અલગ પ્રકાર તરીકે તારવી શકતા નથી. પણ આ શારીરિક ભયમાં શારીરિક-કોષો ભયથી ધ્રૂજતા હોય છે. પછી તે કોષો કોઇ વિશિષ્ટ અવયવના હોય કે સમગ્ર શરીરના એ વાત જુદી છે. પણ કોષોનો ભય જ શારીરિક-ભય પેદા કરે છે.

વિશ્વપ્રકૃતિનો એક ગૂઢ નિયમ છે જે વસ્તુથી તમે ડરતા હો તે વસ્તુ જ તમારા જીવનમાં ફરી ફરી ડોકાતી હોય છે. કારણ વિશ્વપ્રકૃતિની ઇચ્છા છે કે તમે તે ભયને જીતી લો. તેથી આવા પ્રસંગોને નિવારવાનો સાચો ઇલાજ છે, તે વસ્તુનો નિર્ભયતાથી સામનો કરવો.

આવો ભય આપણને પ્રાણમય જગત પ્રત્યે પણ ખુલ્લો કરી દે છે. પ્રાણમય સત્ત્વો આ ભયનો ઉપયોગ કરીને પોતાનું વર્ચસ્વ સ્થાપે છે. આ વસ્તુ ચેતનાના વિકાસ માટે તદ્દન અવરોધક જ હોય છે. ઘણાં ધર્મો પણ ભય દર્શાવી પોતાની પકડ જમાવતા હોય છે.

ઘણી વખત જુગુપ્સાને કારણે પણ ભય નિર્માણ થતો જોવા મળે છે. સ્ત્રીઓ ગરોળીથી ડરે છે તે તેના પ્રત્યેની જુગુપ્સાને કારણે ન કે તે અપાયકારક છે માટે.

આ ભયનો ઉપાય છે સાચું આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવું, જેમાં નિર્ભયતા તમારે વિકસાવવાની હોય છે. ગૂઢશાસ્ત્રોમાં નિર્ભયતા વિકસાવવી એ જ પ્રથમ પાઠ ગણવામાં આવે છે.

પોતાના આત્મતત્ત્વના સાચાં સ્વરૂપ બાબતનો અભ્યાસ આ નિર્ભયતા કેળવવામાં ખૂબ જ મદદરૂપ થાય છે. આત્મતત્ત્વ સિવાય જગતમાં કાંઇ નથી. બધું આત્મસ્વરૂપ જ છે. આત્મા અમર છે, શાશ્વત છે, નિર્ભય છે આ વસ્તુનો સતત અભ્યાસ આપણામાં એક આધ્યાત્મિક નિર્ભયતા રચે છે. પ્રભુની ઇચ્છા સિવાય કાંઇ થતું નથી., તે જ મારું સંરક્ષણ કરી રહ્યો છે અને તે મારા જે હિતનું હશે તે જ કરશે એવી ભક્તની શ્રદ્ધા તેને નિર્ભય બનાવે છે. આવી આધ્યાત્મિક શ્રદ્ધા એ ભય જીતવાનો સચોટ ઉપાય છે.

# શિસ્ત

- હર્ષદ ઠકરાર

શિસ્તનો આવિર્ભાવ આ જગતના આવિર્ભાવ સાથે થયેલો છે. આપણે સૌ જાણીએ છીએ કે અવકાશી પદાર્થો તેમની પોતાની એક નિશ્ચિત ભ્રમણ કક્ષામાં જ ભ્રમણ કરતા હોય છે. ક્યારેય પણ તેમની ભ્રમણ કક્ષા છોડતા નથી. જે અવકાશી પદાર્થને ગતિમાં રાખનાર શક્તિની શિસ્ત છે. અવકાશી પદાર્થોને ગતિમાં રાખનાર શક્તિ એટલે આદ્યાશક્તિ. આ દૃષ્ટિએ શિસ્ત એ આદ્યશક્તિના ગુણનો આવિર્ભાવ છે.

શિસ્ત એટલે સત્ સ્વરૂપ જે જીવનમાં સ્વયંભૂ પ્રગટે છે. શિસ્ત એટલે યથાર્થ જીવન અને તેનું કાર્ય, જેમાં શરીર કે પ્રાણને પોતાની પસંદગી હોતી નથી તેમ જ મનની ભ્રમણાઓ પણ હોતી નથી.

શિસ્ત એટલે સત્ દ્વારા નિયંત્રિત જીવન, જે અંગે શ્રી માતાજી જણાવે છે કે સાચી શિસ્ત એને કહેવાય જે સ્વરૂપોની અંદર પહેલેથી રહેલું છે, તેમને ખોલીને પ્રગટ કરે છે. જે રીતે સૂર્યના પ્રકાશમાં પુષ્પ ખીલે છે તે રીતે વ્યક્તિએ શિસ્તમાં સ્વયં ખીલવાનું હોય છે, જેને ગીતા વ્યક્તિનો સ્વધર્મ કહે છે.

આપણે સૌ ઉત્ક્રાંતિ વિશે જાણીએ છીએ. આ ઉત્ક્રાંતિ એટલે અચિત્‌થી માનવ સુધીના સ્વરૂપમાં પહેલેથી ગુપ્ત રહેલ સત્‌ના સ્વરૂપની પ્રગટ થવાની શક્તિ. જે સ્વયંભૂ રીતે અચિત્‌માંથી વિકાસ પામી માનવસ્વરૂપે પ્રગટ થએલી છે. આ દૃષ્ટિએ ઉત્ક્રાંતિ એ શિસ્ત દ્વારા અભિવ્યક્ત થએલી છે.

સામાન્ય માનવ જે બાહ્ય જીવન જીવે છે તેને બાહ્ય નિયમોની જરૂરિયાત રહે છે. આ નિયમો સ્થળ અને કાળ સાથે બદલાતા હોય છે. આ નિયમો એ શિસ્ત નથી, પરંતુ ફક્ત એક આચાર છે જે અંગે શ્રી માતાજી જણાવે છે કે શિસ્ત એટલે કડક અંકુશ નહીં. સાચી શિસ્ત તો માનવના આચાર અને વિચાર દ્વારા અભિવ્યક્ત થાય છે, જે માનવમાં વાણી, વિચાર અને વર્તનની સંવાદિતા દ્વારા અભિવ્યક્ત થાય છે.

શિસ્ત દ્વારા વ્યક્તિ શિષ્ય બને છે. શિસ્ત વગરની વ્યક્તિ ચેલા બને છે. જેટલો તફાવત ખેડાયેલી જમીન અને બિનખેડાયેલી જમીન વચ્ચે છે તેટલો જ તફાવત શિષ્ય અને ચેલા વચ્ચે છે. બિનખેડાયેલી જમીનમાં બી રોપવામાં આવે તો તે બી નાશ પામે છે. જ્યારે તે જ બી ખેડાયેલી જમીનમાં રોપવામાં આવે તો અનેક બી સ્વરૂપે પ્રગટ થાય છે. એટલે શિષ્યની અંદર વાવેલું બી સ્વરૂપના અસ્તિત્વને પ્રગટ કરે છે. સ્વરૂપનું આ અસ્તિત્વ વ્યક્તિમાં ચારિત્રનું નિર્માણ કરે છે. આ ચારિત્ર્ય વ્યક્તિ અને દિવ્યતાની વચ્ચે સેતુ નિર્માણ કરે છે.

શ્રી માતાજી જણાવે છે તે મુજબ શિસ્ત વગરનો માનવ ફક્ત પશુ જ છે. વ્યક્તિ માનવ બનવાની ત્યારે જ શરૂઆત કરે છે જ્યારે વધારે ઉચ્ચત્તર અને વધારે સત્ય જીવન માટે અભીપ્સા રાખે છે અને જ્યારે તે રૂપાંતરના નિયમોને સ્વીકારે છે. આ માટે વ્યક્તિએ પોતાની નિમ્નપ્રકૃતિ અને તેમની કામનાઓ ઉપર સ્વામીત્વ પ્રાપ્ત કરવાની શરૂઆત કરવી જોઇએ.

નિમ્નપ્રકૃતિ ઉપર સ્વામીત્વ પ્રાપ્ત કરવા માટે વ્યક્તિએ સતત પરમપ્રભુના વિચારો દ્વારા મનનું નિયમન કરવું પડે છે તેમ જ પોતાની જાતનું પ્રભુને સંપૂર્ણ સમર્પણ કરવું પડે છે, જે ફક્ત શિસ્ત દ્વારા જ થઈ શકે છે. આમ, નિમ્નપ્રાણ અને બાહ્યપ્રકૃતિના રૂપાંતર દ્વારા ઉચ્ચત્તર સત્ય જીવન જીવવાની શરૂઆત કરે છે.

હવે પછીની વ્યક્તિની સાધના માનવમાંથી અતિમાનવમાં રૂપાંતર પામવા માટેની સાધના છે. અતિમાનવમાં રૂપાંતર પામવા માટે શ્રી માતાજી જણાવે છે તે મુજબ વ્યક્તિએ પોતાની જાતને શિસ્તમાં દાખલ કરવાથી આ નવીન જગતનું આગમન ત્વરાથી થાય છે અને અતિમનસ વાસ્તવિકતા સાથે સંપર્ક ઝડપથી બને છે.

હાલ માનવની પ્રકૃતિ અસત્ય અને અજ્ઞાનનાં તત્ત્વોથી વિકૃત થયેલ છે. તે પ્રકૃતિ શિસ્ત દ્વારા સત્યજ્ઞાન અને સત્યપ્રેમમાં એટલે કે અતિમનસમાં રૂપાંતર થઈ જશે. માટે જ શ્રી માતાજી જણાવે છે તે મુજબ શિસ્ત વગર કોઇ કાર્ય શક્ય નથી, શિસ્ત વગર કોઇ જીવન શક્ય નથી અને વધારે તો શિસ્ત વગર કોઇ સાધના શક્ય નથી. વ્યક્તિના જીવનનો પ્રવાહ નદીના પ્રવાહ જેવો છે. જે રીતે નદી તેના ઉગમ-સ્થાનથી નીકળી તેના ગંતવ્ય સ્થાન સમુદ્ર સુધી હંમેશા બે કિનારાની વચ્ચે વહે છે તે રીતે માનવે તેમના જીવનના હેતુ પ્રભુની પ્રાપ્તિની સાધના શિસ્ત દ્વારા જ કરવાની હોય છે.

જો નદી તેના બે કિનારા તોડીને વહેવા લાગે તો તેની આજુબાજુના પ્રદેશમાં વિનાશ ફેલાવે છે અને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શકતી નથી. તે રીતે શિસ્ત વગરની વ્યક્તિ સ્વયંનો તો નાશ કરે છે, સાથોસાથ સમાજને પણ નુકસાન પહોંચાડે છે.


શિસ્ત વગર સાધના - તપસ્યા શક્ય નથી. જે અંગે શ્રીમાતાજી જણાવે છે કે પ્રભુના સાક્ષાત્કારને પામવા માટે મૂકેલી શિસ્ત એટલે તપસ્યા. આ તપસ્યામાં માનસિક તપસ્યા લક્ષ્ય પ્રત્યે દોરી જતી પ્રક્રિયા છે. પ્રાણની તપસ્યા પ્રાણના રૂપાંતર માટે કડક શિસ્તમાંથી પસાર થાય છે, જે દ્વારા વ્યક્તિ પોતાના લક્ષ્યે પહોંચી શકે છે.

શિસ્ત દ્વારા માનવની પ્રકૃતિ રૂપાંતર પામતી હોવાથી ગમે તેવી પરિસ્થિતિમાં માનવ ફક્ત આનંદ જ અનુભવતો હોય છે. શ્રી માતાજી જણાવે છે તે મુજબ રૂપાંતરિત વ્યક્તિ સારા અને ખરાબ તત્ત્વો વચ્ચે ન્યાય તોળતી નથી, પરંતુ બન્ને ઉપર કરુણા વરસાવે છે, કારણ કે કરુણા એ સત્‌નું સ્વરૂપ છે. આવી વ્યક્તિ સ્વયં સર્વેનો મિત્ર બની જાય છે અને એક ઉદાહરણ રૂપ બની જાય છે. આથી સમાજ તેનું અનુસરણ કરવા તત્પર બને છે. આમ, એક વ્યક્તિની શિસ્ત તેની આસપાસની વ્યક્તિઓમાં અપ્રગટ રહેલ શિસ્તને પ્રગટ કરવા મદદરૂપ થાય છે, જે રીતે એક દીવાની જ્યોત દ્વારા અનેક દીવાની જ્યોતને પ્રગટાવવાનું કાર્ય થાય છે.

શિસ્તથી વ્યક્તિની અંદર સ્વયંભૂ આત્મસંયમ નિર્માણ થાય છે. આ આત્મસંયમ દ્વારા વ્યક્તિનો પ્રભુ સાથે યોગ થઈ શકે છે. પ્રભુ સાથે યોગ એટલે વ્યક્તિ દ્વારા કરવામાં આવતા કાર્યો કારણરૂપ રહેતા નથી પરંતુ આત્માની પ્રાપ્તિને કારણે બ્રહ્મચેતનામાં શાંત સ્થિરતાનું કાર્ય બની જાય છે. જે અંગે શ્રી માતાજી જણાવે છે કે શિસ્ત એટલે પૂર્ણયોગની તપસ્યા, જેમાં વ્યક્તિનું સમગ્ર સ્વરૂપ પ્રભુને જાણવા માટે અને તેની સેવા માટે જીવન ધારણ કરે છે.

ચાલો, આપણે સૌ આપણી ચેતનાને શ્રી માતાજી અને શ્રી અરવિન્દના પ્રકાશમાં શિસ્ત દ્વારા એકાગ્ર કરી મનસ ચેતનાને અતિમનસ ચેતનામાં રૂપાંતરિત કરી જીવન વ્યતિત કરીએ એ જ પ્રાર્થના.

ૐ આનંદમયિ ચૈતન્યમયિ સત્યમયિ પરમે ॥



# શ્રી અરવિંદ

Thus came his soul's release from Ignorance,
His mind and body's first spiritual change.
A wide God-Knowledge poured down from above,
A new world-Knowledge broadened from within.
His Commonest doings welled from an inner Light.

Savitri B-1, C-4, P-44

## પ્રથમ રૂપાંતર

ભાવાનુવાદ

અજ્ઞાનથી મુકત, આ રીતે અશ્વપતી તણું,
તન મન રૂપાંતર પામે, આ તબક્કો ઘણું ઘણું.
અસીમ અક્ષર-ચેતનાનું ભાન, ઊર્ધ્વ ક્ષેત્રેથી નિતરતું,
વિશ્વનું વિશાળ દર્શન, સૂક્ષ્મ જગતોને નિહાળતું.
સામાન્ય કર્મ પણ તેનું, આંતર પ્રકાશે પ્રકાશતું,
અંતર બાહ્ય સમગ્ર સ્વરૂપને, દિવ્ય-ભાવોથી ભરી જતું.

## રામેશ્વરમ્

(સેતુબંધ - તામિલનાડુ) (ધનુષકોડી)



હૃદયે આત્મ-જ્યોત ધગે, અખંડ, સ્થિર ને શુદ્ધ,
તે જ આત્મલિંગ ગણ્યું, કલિકાકાર અદ્‌ભુત.

તેનું ધ્યાન ધરે, તે રામેશ્વર - ધ્યાન કહેવાય,
જીતે સ્વપ્રકૃતિ તણી, લંકા જે અજેય ગણાય.

સ્વપ્રકૃતિનો સ્વામી બની, સ્વરાટ્ એ બની જાય,
વિશ્વપ્રકૃતિને સુધારતો, તે સમ્રાટપદે ગણાય.

રામની શિવારાધના રૂપ, આવું અનુપમ ધ્યાન,
જે કરે તે આત્મારામ બને, એ ઋષિતણું વિજ્ઞાન.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

સહજ સત્સંગ માસિક www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

પુસ્તકો www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
RNI No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2014

DATE OF POSTING : 1st OF EVERY MONTH - **RAJKOT - RMS**